Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૪
તા.૩૦-૦૯-૨૦૧૭,શનિવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૩ સૂર્યાસ્ત : ૦૬:૨૯

તાપમાન
ડીસા ૩૬.૩ | વડોદરા ૩૫.૬
અમદાવાદ ૩૫.૭ | સુરત ૩૩.૪
ગાંધીનગર ૩૬.૦ | નલિયા ૩૨.૨

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# છેવાડાની આરોગ્ય જરૂરીયાતો પુરી થશે : શંકરભાઈ ચૌધરી

## ભાભર ખાતે રૂા.૧૬.૦૮ કરોડના ખર્ચે બનનાર અધ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલનું ખાત મૂહૂર્ત : રાજ્ય સરકારની દિવાળી ભેટ : હરીભાઈ ચૌધરી





ડીસા

આરોગ્ય ક્ષેત્રે પછાત બનાસકાંઠા જિલ્લાના ભાભર ખાતે રૂા.૧૬.૦૮ કરોડના ખર્ચથી અધ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલનું નિર્માણ થનાર છે. જેનું આજે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. પ્રાસંગીક પ્રવચનમાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આપણા આ કાંઠાના સરહદી વિસ્તારમાં આવી અધ્યતન હોસ્પિટલ બનાવી વિસ્તારના અનેક લોકોની બીમારીઓ દુર કરવાનો તેમજ નવજીવન આપવાના સેવા યજ્ઞનો આરંભ છે. આ હોસ્પિટલમાં ડાયાલીસીસ, કીડની, હાર્ટએટેક તેમજ નાના મોટા તમામ ઓપરેશનો કરવા સાથેની વિવિધ સુવીધાઓ ઉપલબ્ધ બનશે તેમજ ભવિષ્યમાં આ હોસ્પિટલને વધુ સુવિધા સભર બનાવવામાં આવશે. કાંઠા વિસ્તારની પ્રજાને આરોગ્ય લક્ષી તમામ સુવિધાઓ વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વધુમાં રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે આઝાદીના ૫૦ વર્ષ સુધી આ વિસ્તાર પછત પણાનો ભોગ બન્યો હતો. પરંતુ હવે દુઃખના દિવસો પુરા થયા છે. હવે રાજ્ય સરકારના વ્યાપક પ્રયાસોને લીધે જિલ્લામાં ઘણા ક્ષેત્રોમાં નોંધ પાત્ર વિકાસ થયો છે. જિલ્લાની પ્રજાને રસ્તા, પાણી, વિજળી, શિક્ષણ, આરોગ્ય તેમજ સિંચાઈ સહિતની સુવિધાઓ વિશાળ પ્રમાણમાં ઉલબ્ધ બનાવાઈ છે. ઘણા વર્ષથી ચાતક નજરે નર્મદાના નીરની રાહ જોઈ રહેલ લાખો બનાસવાસીઓનું સ્વપ્ન તત્કાલીક મુખ્યમંત્રી અને અત્યારના આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ ભુમી પણ નર્મદાના પવિત્ર નીરની પધરામણી કરાવીને સાકાર કર્યુ છે. તેમણે ભુતકાળમાં સુકાભઠ્ઠ અને ઉજ્જળ ગણાતાં આકાંઠા વિસ્તારને નર્મદાના નીરથી હરીયાળો અને સુખ સમૃધ્ધ બનાવે છે. તેઓએ વધુમાં ઉમેર્યુ હતુ કે રાજ્ય સરકારે ૫૦ કરોડ જેવી માતબર રકમના ખર્ચથી સરહદી વિસ્તારમાં બોર્ડર ટુરીઝમને વિકસાવવાનો નવતર પ્રયાસ આરંભ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ખેડૂત આપઘાત પ્રકરણમાં બહેન અને ભાગીદાર સામે ફરીયાદ

## ભાગીદાર ભાગ ન તો આપતો અને બહેન ચાર કરોડ રૂપિયા માગતી હતી : બંનેના ત્રાસથી મોતને વ્હાલુ કર્યુ હોવાનો મૃતકના પત્નીનો આક્ષેપ

ડીસા

ડીસા શહેરમાં આદિનાથ નગર નજીક રહેતા રાજુભાઈ સૈની નામના ખેડૂતે પોતાની લાયસન્સવાળી રિવોલ્વરથી ગુરુવારે આપઘાત કરી લેતા આ પ્રકરણમાં તેમના પત્નીએ મૃતકના ભાગીદાર અને તેમની સગી બહેન સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે ભાગીદાર કેટલાય વર્ષોથી ખેતી નો ભાગ આપતા ન હતા અને તેમની બહેન ખેતી ની જમીન વેચાણનો ભાગ રૂ.ચાર કરોડ માંગતી હોઈ ત્રાસીને તેઓ એ આ પગલું ભર્યું હતું. પોલીસે તેમની



ભરત સુંદેશા

પત્નીની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે .

આ અંગેની વિગત એવી છે કે ડીસાના આદિનાથ નગર પાસે રહેતા ખેડુત રાજુભાઈ મહેશભાઈ સૈની એ ગઈકાલે પોતાના ઘરે પોતાની બે બોર વાળી રાઈફલથી લમણે ગોળી મારી આપઘાત કરી લીધો હતો. પોલીસે તે સમયે અકસ્માતે મોત અન્વયે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે તપાસ દરમિયાન આ પ્રકરણમાં મૃતકના પત્ની ગિતાબેન રાજેન્દ્રભાઈ સૈનીએ પોતાના પતિને આપઘાત કરવા મજબૂર કરવા કરાયા હોવાની ફરિયાદ તેમના ભાગીદાર રાનેશભાઈ બંસીલાલ સૈની ( રહે.બી.કે.ગેલેક્ષી,ડીસા) અને મૃતકના સગા બહેન પુષ્પાબેન રામભાઈ સૈની (રહે. બિકાનેર રાજ.) સામે નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ રાજેન્દ્રભાઈ ડીસા ના ભોંયણ ખાતે ખેતીની જમીન વેચી રાજસ્થાનના મંડાર ખાતે ખેતીની જમીન રાખી હતી. જેમાં રમેશભાઈ બંસીલાલ સૈની ભાગીદારીથી ખેતી કરતા હતા. પરંતુ છેલ્લા ચાર વર્ષથી તેઓ ખેતી નો ભાગ આપતા ન હતા અને રાજેન્દ્રભાઈ વારંવાર હિસાબ માંગતા હોવા

અનુસંધાન પાના નં.૬

### નોકરાણીનું નિવેદન પણ શંકાસ્પદ

રાજેન્દ્રભાઈના આપઘાત કેસમાં નોકરાણીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તેઓને ગોળીનો અવાજ આવતા તેઓ દોડીને ઉપરના રૂમમાં ગયા હતા. ત્યારે રાજેન્દ્રભાઈ એ ગોળી ચલાવતા તેના પગમાં ગોળી વાગી હતી પરંતુ તેઓ જ્યારે ઉપર ગયા ત્યારે તો રાજેન્દ્રભાઈ પોતાના લમણે ગોળી મારી દીધી હતી અને ઢાળી પડ્યા હતા તો બીજી ગોળી તેઓ કઈ રીતે ચલાવી શકે તે અંગે પણ અસમંજસ છે. જેથી રાજેન્દ્રભાઈ એ પહેલાં પોતે આપઘાત કર્યો કે પહેલા ગોળી અન્ય જગ્યાએ ચલાવી જે નોકરાણીને વાગી તે બાબતે અસમંજસ હોઈ પોલીસ પણ દ્વિધામાં મુકાઈ છે.

### નોકરાણીને ગોળી વાગી હોવાની વાત છુપાવાઇ: તર્ક-વિતર્ક

ડીસાના ખેડૂત રાજેન્દ્રભાઈએ પોતાની રાઈફલથી આપઘાત કર્યાના કેસમાં તેમના ઘરની નોકરાણીને પણ ગોળી વાગી છે. જોકે ગઈકાલે તપાસ દરમ્યાન આ બાબત છુપાવી રખાઈ હતી અને નોકરાણીને ચૂપચાપ સારવાર અર્થે ખસેડી દેવાઈ હતી. જે બાબતે રાજેન્દ્રભાઈ ના ઘરે કામ કરતા શોભનાબેન ઠાકોર ની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે ગુરૂવારે સાંજે ચાર વાગે હું, રાજેન્દ્ર ભાઈના પત્ની અને તેમનો પુત્ર ઘરમાં ચા પીતા હતા ત્યારે ઉપરના રૂમમાં થઈ ગોળીનો અવાજ આવતાં અમે દોડી ગયા હતા. જેમાં રાજેન્દ્રભાઈએ બંદૂકની ગોળી ચલાવતા મને પગમાં ગોળી વાગી હતી અને હું બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ મને કશું યાદ નથી. જોકે આ બાબતનો ફરિયાદમાં કે પોલીસે પોતાના નિવેદનમાં ક્યાંય પણ ઉલ્લેખ ન કરતા અને નોકરાણીને ગોળી વાગી હોવાની બાબત છુપાવતા અનેક પ્રકારના તર્ક-વિતર્ક સર્જાયા રહ્યા છે.

# ભાજપ શાસિત પાલનપુર પાલિકામાં પારદર્શી વહીવટની માંગ

### ગેરકાયદેસર ફરજ બજાવતા કર્મચારી સામે "સીટ"ની તપાસ કરાવવા માંગ



સંજય જોશી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા વિવાદનો પર્યાય બની ગઈ હોય તેમ નિતનવા વિવાદો બહાર આવી રહ્યા છે. પાલનપુર પાલિકામાં સસ્પેન્ડેડ કર્મચારીને મહત્વની જગ્યાએ પોસ્ટિંગ આપી તેના થકી થઈ રહેલી ગેરરીતિઓ સામે ખુદ શાસક પક્ષ ભાજપના જ નગરસેવિકાએ અવાજ ઉઠાવતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં અગાઉ પાણી પુરવઠા શાખામાં ફરજ બજાવતા એન્જિનીયર કે.આર.જોશી. સામે ખુદ ભાજપના નગરસેવિકાએ લગાવેલા સંગીન આરોપો જોતા ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં કેવો અને કેટલો પારદર્શી વહીવટ ચાલે છે તેની કલ્પના કરવી પણ અઘરી બની રહી છે. નગરપાલિકા નિયામક ગાંધીનગરને કરાયેલી લેખિત રજુઆતમાં ખુદ ભાજપી નગર સેવિકાએ કરેલી રજૂઆત મુજબ, આ એન્જિનિયર અગાઉ કરોડો રૂપિયાના ગરબડ ગોટાળામાં જેલ યાત્રા પણ કરી ચુક્યા છે.

અનુસંધાન પાના નં.૬

### પાલિકામાં ઘાટ કરતા ઘડામણ મોંઘુ???

ભાજપ શાસિત પાલનપુર પાલિકા માં ઘાટ કરતા ઘડામણ મોંઘુ હોય તેવો વહીવટ ચાલી રહ્યો હોવાની રાવ ઉઠી છે. પાલનપુર પાલિકાનું જે.સી.બી.મશીન અંદાજે ૧.૫૦ લાખના સમારકામના ખર્ચ બાદ પણ બંધ છે. જયારે રોડ સ્વીપર રીપેરીંગ કરવા છેક પાલિકાના ખર્ચે અને જોખમે સુરેન્દ્રનગર જઈ આવ્યા પણ અંદાજે રૂ.૧.૭૦ લાખનો ખર્ચ કરવા છતાં તે બંધ છે. ત્યારે છતી મશીનીરીએ ભાડા ભરવાનો વારો આવ્યો હોવાનો કચવાટ ખુદ ભાજપી નગરસેવકો વ્યકત કરી રહ્યા છે.

# પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફે જતાવ્યો વિરોધ



સંજય જોશી

પાલનપુર

પગાર વધારા સહિતની પડતર માંગણીઓના મુદ્દે આખરે રાજ્યભરના નર્સિંગ સ્ટાફે પણ બાંયો ચડાવી છે. જેના ભાગરૂપે આજે પાલનપુર ખાતે સિવિલના નર્સિંગ સ્ટાફ દ્વારા આંદોલનની શરૂઆત કરતા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. રાજ્યના નર્સિંગ સ્ટાફએ પોતાની પડતર માંગણીઓને લઈને આખરે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમાં જોતરાતા પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફએ પણ પોતાની માગણીઓના સમર્થનમાં ફરજ દરમિયાન કાળી પટ્ટી

અનુસંધાન પાના નં.૬

# નિતા અંબાણીએ અંબાજી શક્તિપીઠમાં દર્શન કર્યા



અંબાજી

દેશના સૌથી મોટા બિજનેસ ગ્રુપ રિલાયન્સના નીતા અંબાણી એ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ના દર્શન કર્યા. સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે નીતા અંબાણી એમની મા અને બહેન સાથે અંબાજી મંદિર આવી પહોંચ્યા હતાં.મંદિર ટ્રસ્ટ દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.ત્યારે બાદ તેમણે નિજ મંદિર માં જઈને માં અંબાજીની પૂજા અર્ચના કરી હતી અને બાદમાં માતાજીની ગાદી પર આશીર્વાદ મેળવ્યા હતા.




# બેસણું



સ્વ.ઘનશ્યામ લીલાધરભાઈ સોનઘેલા
સ્વ.તા.૨૫/૦૯/૨૦૧૭

અમારા સુપુત્ર ઘનશ્યામ લીલાધરભાઈ સોનઘેલા (ઠક્કર)નું દુઃખદ અવસાન તા.૨૫/૦૯/૧૭ ના રોજ થયેલ છે, સ્વર્ગસ્થનું બેસણું તા.૩૦/૦૯/૧૭ ને શનિવારે બપોરે ૩/૦૦ થી ૬/૦૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : પાર્શ્વનાથ એવન્યુ, વાલાણી બાગ પાસે, પારસનગર સોસાયટી પાછળ, ધાનેરા

લિ.
લીલાધરભાઈ કરશનભાઈ ઠક્કર (પિતા)
હરેશકુમાર લીલાધરભાઈ ઠક્કર (ભાઈ)
(આનંદ ડેવલોપર્સ - ડીસા)
પ્રભુરામ કરશનભાઈ ઠક્કર (કાકા)
(જલારામ મેડીકલ સ્ટોર્સ - ખીમત)
રમેશકુમાર કરશનભાઈ ઠક્કર (કાકા)
(શિવ મેડીકલ સ્ટોર્સ - પાંથાવાડા)
તારાચંદ કરશનભાઈ ઠક્કર (કાકા)
(અંબિકા મેડીકલ સ્ટોર્સ - દાંતીવાડા)

CMYK

# તંત્રી સ્થાનેથી ...

**સત્ય એ છે જે ત્રણેય કાળમાં એક સરખું જ હોય.**

## નર્મદા યોજનાની નહેરોમાં વારંવાર પડતા ગાબડા ચલાવી લેવાય નહિં!

નર્મદા યોજના દ્વારા ગુજરાતમાં પીવાનું પાણી અને ખેતી માટે સિંચાઈના ઉપયોગમાં આવે છે. છ હજાર કરોડની યોજના પાછળ ૫૬ હજાર કરોડ ખર્ચ થઈ ચુક્યો છે. એટલે કે બીજી અનેક યોજનાઓ સંપન્ન થાય તેટલો ખર્ચ થયો છે. તેમ છતાં વિપક્ષ દ્વારા આ યોજના સંદર્ભે જે ખરી- ખોટી વાતો થઈ રહી છે તે યોગ્ય નથી. સદર યોજના પાછળ સરકારે જે કવાયત કરી છે તે નાની સુની બાબત કહી શકાય નહિં. નર્મદા યોજનાને પૂર્ણ કરવા માટે અત્યાર સુધી જે તે અધિકારીઓ- કર્મચારીઓએ જે કઈ પરિશ્રમ કર્યો તે સૌ કોઈ જશના અધિકારી છે.

ભૂતકાળમાં નર્મદા બાબતે સત્તાધારી પક્ષ અને વિપક્ષ સૌ સાથે હતા. ગુજરાતની સ્થાપનાના ૫૬ વર્ષમાં કોંગ્રેસ ૩૦ વર્ષ તો ભાજપ ૨૨ વર્ષથી શાસનમાં છે. વચ્ચે બાબુભાઈ અને ચીમનભાઈની સરકારો પાંચેક વર્ષ આવી આમ બેનું શાસન લગભગ સરખું રહ્યું. ત્યારે જશ-અપજશના બંને પક્ષ સરખા ભાગીદાર છે. છતાં મૂળ મુદ્દો જળની વહેંચણીનો છે, આ માટે બંને પક્ષોએ એકબીજાના સિધ્ધાંતો ભૂલી ખેડુતોને સિંચાઈ માટે પાણી મળે તે બાબતે પૂર્ણ રૂપે વિચારવું જોઈએ. ખાસ કરીને નર્મદાના પાણી જે નહેરોમાંથી પસાર થાય છે ત્યાં વારંવાર પડતા ગાબડાને નિવારવા પ્રયત્નો થવા જોઈએ. નર્મદાની નહેરોમાં વારંવાર ગાબડા પડવા પાછળનું એક જ કારણ એ છે કે કામગીરીમાં બેદરકારી માલસામાન ઓછો વાપરવામાં આવતા નહેરો તુટી જાય છે અને નુકસાન ખેડુતોને થાય છે. આના કારણે કરોડો રૂપિયાની ખેતી નષ્ટ થઈ ચુકી છે. યોગ્ય તકેદારીના અભાવના કારણે નહેરોથી જે ખેડુતોને નુકસાન થયું છે. તેનું વળતર સરકારે આપવું જોઈએ તેવું શિક્ષણવિદોનું માનવું છે.

નર્મદા યોજનાના ૫૬ વર્ષમાં રાજકીય પક્ષો, સ્વૈચ્છિક સંસ્થાઓએ રાજકીય ભેદભાવ ભૂલીને ખભેખભા મિલાવીને નર્મદા સામેના અનેક અવરોધોનો મુકાબલો કર્યો છે. અગાઉ ચીમનભાઈ સરકાર માટે તો આ સમગ્ર યોજના રાજકારણ કરતાં પ્રતિષ્ઠાનો મુદ્દો હતો. પોતાના જ પક્ષના વડાપ્રધાન વી.પી.સિંહ સામે ચીમનભાઈએ તો દિલ્હીમાં સર્વપક્ષીય મોરચો માંડ્યો હતો.

આ યોજનાના વિલંબ પાછળ પ્રારંભથી જ મધ્યપ્રદેશની આડાઈ મૂળમાં હતી. તેનો યોજના સામે સખત વિરોધ હતો. જો કે ટ્રિબ્યુનલના ચુકાદા બાદ પુનર્વસનનું કામ આગળ વધે તેમ ઊંચાઈ વધારવાની હતી. આ યોજનામાં ગુજરાતે પુનર્વસનનું મહત્વનું કામ કર્યું છે. વર્ષોથી સદર યોજનાના ભાગીદાર રાજ્યો મધ્ય પ્રદેશ- રાજસ્થાન અને મહારાષ્ટ્ર પાસેથી ગુજરાતને કરોડો રૂપિયા લેવાના બાકી છે. કેન્દ્ર અને રાજ્યોમાં એક જ પક્ષની સરકારને કારણે ઊંચાઈનો પ્રશ્ન હલ કરવામાં ઝડપ આવી, તેમ ભાગીદાર રાજ્યો પાસેથી બાકીના નાણાં ગુજરાતને મળે તે બાબતે સઘન પ્રયાસો કરવા અત્યંત જરૂરી છે.મહત્વની બાબત એ છે કે નર્મદાનું પાણી, સિંચાઈને પીવા માટે વપરાય તે જરૂરી છે. સાથે સાથે યોજનાનું પાણી નર્મદા કમાન્ડ એરિયા ઘટાડીને ઉદ્યોગોને ન મળી જાય તે અંગે સરકારે તકેદારી રાખવી જરૂરી છે.

વર્તમાન સંજોગોમાં નર્મદા યોજના અંગેની જે તે નહેરો છે. તેમાં ભંગાણ ન પડે તે માટે તમામ નહેરોની તપાસણી થવી જરૂરી છે. સામાન્ય તિરાડ મોટું છીંડું પાડી શકે છે અને લાખો કરોડ- ક્યુસેક પાણી વેડફાશે તે વાત ચોક્કસ છે. જે વિસ્તારોને નર્મદાનું પાણી પ્રાપ્ત થતું નથી. તેવા વિસ્તારોની સમીક્ષા થવી જોઈએ. જેવી તમામ નાના- મોટા સામાન્ય ખેડુતોને નર્મદાનું પાણી સિંચાઈ માટે મળી રહે. આ બાબતે યોજનાના અધિકારીઓએ તકેદારી રાખવી પડશે!

*બે અગ્રણીઓની ભાગીદારી*

## એસ્ટ્રાલ પાઈપ્સ, હોરાટન સાથે તેની સરફેસ ડ્રેનેજ ચેનલ્સને ભારતમાં લોંચ કરવા માટે હાથ મીલાવે છે

અમદાવાદ

એસ્ટ્રાલ પોલિટેક્નિક લિમિટેડ, ભારતની સૌથી વિશ્વસનીય પાઈપીંગ કંપનીનીસ્થાપના ૧૯૯૬માં થઈ હતી અને ત્યારથી તે ઉત્તમ ગુણવત્તા અને નવીન ઉત્પાદનોનો હોલમાર્ક ધરાવે છે. એસ્ટ્રાલ પોલિટેક્નિક લિમિટેડ જરૂરી ફિટીંગ સાથેના પ્લમ્બીંગ, ડ્રેનેજ, કૃષિ, ઔદ્યોગિક, ઈલેક્ટ્રીકલ નાળ અને ફાયર સ્પ્રીક્લરપાઈપ્સનું ઉત્પાદન કરે છે. આવા એવન્ટ ગ્રેડ ઉત્પાદનોની વિશાળ શ્રેણી બાદ એસ્ટ્રાલ હવે અન્ય નવી શ્રેણીમાં ડગમાંડવા જઈ રહ્યું છે. હુરાટન સાથેની ભાગીદારીમાં તે સૌથી વધુ નવતર ડ્રેનેજ સિસ્ટમ પૌકીની એક-રિસિફિક્સને પેશકરે છે. દેશમાં પાઈપીંગ અનેપ્લમ્બીંગના ધોરણોની સુધારણા પર એસ્ટ્રાલના અવિરત ધ્યાનને મજબૂત કરવાના પ્રયાસો હુરાટન સરફેસ ડ્રેનેજચેનલ્સને ભારતમાં લોંચ કરવાથી વધુ મજબુત થશે. આ ચેનલ્સ વરસાદી પાણી અને સ્ટ્રોમ વોટરના સંચાલન માટે ઘણી કાર્યક્ષમ અને અસરકારક છે.હુરાટન દુનિયાની અગ્રણી ડ્રેઈનીંગ કંપનીઓમાંની એક છે જે વિશ્વસનીય, ટકાઉ અને કામ આપી શકે તેવા સરફેસ ડ્રેનેજ પ્રોડક્ટ્સનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ૧૯૫૬માં સ્થાપિત આ કંપને વરસાદી પાણીના નિકાલના ઘણા અગ્રણી ઉકેલ આપ્યા છે. રિયો-ડી- જાનેરોમાં સુપ્રસિદ્ધ મેરકાના સ્ટેડિયમ અને રશિયામાં મોસ્કો રેલવે જેવા પ્રોજેક્ટ સહિતતેમણે ઘણા સિમાચિન્હ અંકે કર્યા છે. તેઓએ ૭૩ દેશોમાં સરફેસ ડ્રેનેજ સોલ્યુશનની નિકાસ કરી છે.

## તમારા પડોશીને પ્રેમ કરો, બિગ બૉસ કહેશે આ સીઝનમાં



રાજકોટ

પોતાના જીવનાકાળમાં આપણા સૌનો વાસ્તો વિવિધ પ્રકારના પડોશીઓથી પડે છે જેની સાથે આપણો સંબંધ પ્રેમ કે નફરતનો હોય છે. આજ પહેલા કદી ન દેખાડ્યા હોય તેવા ઘટનાક્રમને સામેલ કરતા કલર્સ એકવાર ફરી પોતાના મહાનતમ ધારાવાહિક એપ્પી ફિજ પ્રેઝેન્ટ્સ બિગ બૉસ પૉવર્ડ બાઈ ઓપ્પો કેમેરા ફોન્સ ના એક વધુ અસાધારણ સીઝનને રજૂ કરવા માટે તૈયાર છે જે આ વખતે પાડોશીઓ માટે પણ રેડ કારપેટ પાથરશે.આ ધારાવાહિક આપણને માનવ મનોવિજ્ઞાનની ઉંચાઈ પર લઈ જાય છે જેમાં સુપર સ્ટાર સલમાન ખાન પોતાના નવીનતમ અવતારમાં પરત ફરશે. તે ન માત્ર હોસ્ટ હશે પરંતુ પાડોશી પીસમેકરની ભૂમિકા પણ નિભાવશે. બિગ બૉસ કલર્સ પર રવિવારે, ૧ ઓક્ટોબરે રાત્રે ૯:૦૦ કલાકે શરૂ થશે અને ત્યારબાદના એપિસોડ દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦.૩૦ કલાકે તથા શનિવાર અને રવિવારે રાત્રે ૯:૦૦ કલાકે પ્રદર્શિત કરવામાં આવશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**



અમદાવાદના એક યુવાન અર્જુન મિશ્રાએ પોતાના જન્મદિને આ સ્કુલની જ ૩૧ બાળકીઓને લત્તક લીધી હતી અને બેટી પઢાઓની ઝુંબેશને વેગ આપ્યો હતો. તેમની આ કામગીરીથી પ્રેરણા લઈને તેમના સહકર્મી શાલીની દાસે નવરાત્રીની મહાઆઠમ નિમિતે મ્યુ. કોર્પો. સ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને જમાડી તેમના આશિર્વાદ લીધા હતા.

## કેબીસી ૯ અને અમિતાભ બચ્ચને વેર્સોવા બીચને સ્વચ્છ રાખવાની પહેલને સમર્થન આપ્યું



કૌન બનેગા કરોડપતિ સિઝન ૯ ના આગામી એપિસોડમાં જુહુ અને વર્સોવા બીચ પર સ્વચ્છતા અભિયાન માટે જાગૃતિ અને પ્રતિજ્ઞાના સમર્થનને વધારવા માટે ખાસ શુક્રવારે એપિસોડ 'નયી ચાહ નયી આફ્રોઝ શાહ વર્સોવા બીચ સફાઈની પહેલના ઉત્સાહમાં છે અને ઘણા લોકો માટે પ્રેરણા છે. વૈશ્વિક સ્તરે તેમના પ્રયત્નોને માન્યતા આપવામાં આવી છે જેમાં યુનાઈટેડ નેશન્સે તેમને 'ચેમ્પિયન ઓફ ધ અર્થ' શીર્ષક અપાવ્યું હતું. એક જબરજસ્ત પ્રતિસાદ પ્રાપ્ત કર્યા પછી, તે હવે સમગ્ર શહેરમાં ૧૯ બીચને સાફ કરવાનો ઈરાદો ધરાવે છે. આ બે વર્ષની પહેલમાં ૧૦૦ થી વધુ સ્વયંસેવકો અને બીએમસી સભ્યોના ટેકાથી, અફ્રોઝે કચરો અને ૭૦૦૦ ટનની પ્લાસ્ટિકનો નિકાલ સફળતાપૂર્વક કર્યો છે. આ વર્ષે કેબીસી ઘણા બધા અનિવાર્ય વાસ્તવિક જીવન ચેમ્પિયનોને આમંત્રિત કરી રહી છે જેમણે આપણા સમાજના સુધારણા માટે મદદ કરી પાસેથી વધુ ભાગીદારી લેશે. અફ્રોઝનું કામ અનુકરણીય છે અને અમે એક ટીમ તરીકે અમારી પોતાની રીતે ટેકો આપવાની વિચારણા કરી છે.

## હ્યુન્ડાઈ એ સેફ મુવના ત્રીજા તબકકાની શરૂઆત કરી - ટ્રાફિક સેફ્ટી કેમ્પેન



દેશની દ્વિતિય ક્રમાંક સૌથી મોટી કાર ઉત્પાદક અને ટોચની કાર નિકાસકાર હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના સીએસઆર (પરોપકારી) એકમ હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા ફાઉન્ડેશન (એચએમઆઈએફ) એ આજે 'સેફ મૂવ - ટ્રાફિક સેફટી કેમ્પેન' નો ત્રીજા તબક્કો શરૂ કરવાની જાહેરાત કરી. આ ટ્રાફિક સેફટી કેમ્પેન (વાહનવ્યવહાર સલામતી અભિયાન) મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે સાથે મળીને દેશભરમાં ૧૫૦ શાળાઓમાં અને ૧૪ મોટા મોલ્સ ચલાવવામાં આવી રહયું છે. ભારતમાં 'સેફ મૂવ - ટ્રાફિક સેફટી કેમ્પેન' નો હેતુ લોકોમાં ટ્રાફિક સેફટીના મહત્વ અંગે જાગૃતિ ફેલાવી તેમના વ્યવહારમાં પરિવર્તન લાવવા છે. વર્તમાન તબક્કામાં, 'સેફ મૂવ - ટ્રાફિક સેફટી કેમ્પેન' હેઠળ શાળાઓ અને મોલ્સમાં બાળકો અને તેમના પરિવારોને સંપર્ક કાર્યક્રમો દ્વારા જોડવામાં આવશે. ત્રીજા તબક્કાનો હેતું પ્રથમ અને દ્વિતીય તબક્કાની સફળતાને આગળ વધારવાનો અને ૫ થી ૭ વર્ષ તથા ૭ થી ૧૬ વર્ષની વયના બાળકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.તેના ત્રીજા તબક્કો 'સેફ મૂવ - ટ્રાફિક સેફટી કેમ્પેન' ૨૦૧૭ ના અંત સુધી ચાલુ રહેશે. આ તબક્કામાં હ્યુન્ડાઈ લોકોના વર્તનમાં મોટા પાયે પરિવર્તન લાવવા માટે વિવિધ મંચો પર સ્ટ્રેટેજીક સેફટી ફિલ્મસ #BeTheBetterGuy રિલિઝ કરશે. સ્કૂલ સંપર્ક કાર્યક્રમ હેઠળ, આ અભિયાન અમદાવાદ, દિલ્હી, ચેન્નાઈ, મુંબઈ, કોલકત્તા, રાંચી, બેંગલોર, ચંદીગઢ, હૈદરાબાદ, ગુવાહાટી, કોચી, જયપુર, પુણે, લખનૌ, લુધિયાણા અને ભોપાલ સહિત ૧૬ શહેરોમાં ૧૫૦ શાળાઓ સુધી પહોંચશે. સલામતી વિશેના બાળકોની ટ્રાફિક સલામતી વિશે વિશિષ્ટરીતે ડિઝાઈન વેબસાઈટ 'કિડસ હ્યુન્ડાઈ' (www.kids.hyundai.co.in) વિકસિત કરવામાં આવી છેઆ પ્રોગ્રામના પ્રથમ બે તબક્કા ૧૪૨ શાળાઓ અને ૧૪૬ આરડબલ્યુએના અનુક્રમે ૯૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૨૩,૦૦૦ નિવાસીઓનો સફળતાપૂર્વક સંપર્ક કરાયો હતો.

## ઉત્તર ગુજરાતમાં શંકુઝ હોસ્પિટલ મહેસાણા ખાતે અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા ઘૂંટણના રિપ્લેસમેન્ટ સર્જરી પાર પડાઈ

મહેસાણા

ઉત્તર ગુજરાતમાં શંકુઝ મેડિસીટી હોસ્પિટલ દ્વારા અધ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દર્દીને સારવાર આપવામાં આવી રહીછે. શંકુઝ હોસ્પિટલ સતત નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દર્દિને કેટલી ઝડપે રાહત મળી શકે તેવા પ્રયાસોમાં અગ્રેસર રહી છે. તાજેતરમાં હોસ્પિટલ દ્વારાઘૂંટણની રિપ્લેસમેન્ટ સર્જરી નવી ટેક્નોલોજીના માધ્યમથી શરૂ કરવામાં આવી છે. સામાન્ય રીતે ઘૂંટણની સર્જરીમાં બે થી ત્રણ દિવસ આરામ કરવામાં લાગે છે પરંતુશંકુઝ હોસ્પિટલ દ્વારા નવીનત્તમ ટેક્નોલોજી સબવાસ્ટસની પધ્ધતિનો ઉપયોગ કરીને સર્જરી કરવામાં આવે છે જેમાં દર્દી ઓપરેશનના અમુક કલાક બાદ પોતાનીજાતે ચાલી શકે છે. તદ્ઉપરાંત આ ટેક્નોલોજીની મદદથી કરવામાં આવેલી સર્જરીથી દર્દીને પીડા ઓછી ભોગવવી પડે છે અને દર્દીના લોહીનો બગાડ નહિંવત્માત્રામાં થાય છે.શંકુઝ હોસ્પિટલમાં પાર પાડવામાં આવેલ દર્દી આર્થ્રાઈટસથી પીડીત હતા અને તેમના એક હિતેચ્છુના માર્ગદર્શન હેઠળ દર્દીને શંકુઝ મેડિસીટી હોસ્પિટલમાં ડો.મનીષ દિવાકરને બતાવવાનું કહ્યું. હોસ્પિટલમાં જરૂરી રિપોર્ટ કરાવ્યા બાદ નિદાન થયું કે દર્દીને ઘુંટણના રિપ્લેસમેન્ટની સર્જરી કરવી પડશે.અત્યાર સુધી દર્દી ઘૂંટણની સર્જરી કરાવવી હોય તો અનેક વિચાર કરતા હતા અને તેમાં પણ ખાસકરીને ઉત્તર ગુજરાતના દર્દીને સર્જરી માટે અમદાવાદ જવું પડતું હતું પરંતુ હવે મહેસાણા ખાતે શંકુઝ હોસ્પિટલ દ્વારા અધ્યતન ટેક્નોલોજીની મદદથી ડો. મનિષ દિવાકરે (ઓર્થોપેડિટક એન્ડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન,એસએમસી) અને તેમની ટીમ દ્વારા નિદાન કરવામાં આવી રહ્યું છે અને ત્યાર બાદ જે કોઈ દર્દિને ઘૂંટણની રિપ્લેસમેન્ટ સર્જરી કરાવવી પડશે તો તેમને ઘૂંટણનીફેરબદલી માટે નવીનત્તમ ટેક્નોલોજી સબવાસ્ટસની પધ્ધતિનો ઉપયોગ કરીને તેમજ ઘૂંટણના સ્નાયું ઉપર બિલકૂલ કાપો લીધા વિના સ્નાયૂને ખસેડીને ઓપરેશન કરવામાં આવશે. આ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવી રહેલા ઓપરેશન બાદ દર્દી માત્ર અમુક કલાકોમાં તદન સ્વસ્થ થઈ અને કોઈ પણ ટેકા વિના સરળતાથી ચાલવા લાગશે."રિપ્લેસમેન્ટ સર્જરીની સૌથી વધુ જરૂરીયાત મોટી ઉંમરના લોકોને કરારવવાની રહે છે ત્યારે આવા સંજોગોમાં મોટી ઉંમરનીવ્યક્તિને વધુ પડતી પીડાનો ડર હોય છે પરંતુ આ ટેક્નોલોજી દ્વારા ઝડપથી દર્દી ચાલી શકે છે તેટલું જ નહિં પરંતુ મોટી ઉંમરના લોકોનો પીડા પણ ઓછી અનુભવવી પડે છે."

## ફોસીલે વરુણ ધવન અને શ્રુતિ હસનને તેમના નવા બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી




ફોસિલે બોલીવુડના સેલિબ્રિટી વરૂણ ધવન અને શ્રુતિ હસનને તેમના પ્રથમ ભારતીય સેલિબ્રિટી બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી છે. બોલીવુડના સૌથી પ્રભાવશાળી સ્ટાર વરુણ અને મલ્ટી ટેલેન્ટેડ અભિનેત્રી અને ગાયક શ્રુતિ હસન ભારતમાં આ વર્ષના અંત સુધીમાં શરૂ થનાર ફોસિલના પ્રથમ મલ્ટીમિડીયા કેમ્પેન (અભિયાન) માં જોવામાં મળશે. ફોસિલ આ સેલિબ્રિટી સાથે તેની નવી પેઢીના ક્યૂ ટચસ્ક્રીન સ્માર્ટવોચ લોન્ચ કરશે. આ સ્માર્ટવોચિસ ટેકનોલોજી અને ફેશનનું એક અનન્ય સંયોજન છે. ફોસિલના નવા સ્માર્ટવોચિસ ગ્રાહકો અને તેના બ્રાન્ડ એમ્બેસેડરનાં જીવનમાં સુધારો કરશે. હવે ગ્રાહકોને તેમની સ્ટાઈલ સાથે કોઈ સમાધાન નહીં કરવું પડે તે સૌથી અગત્યનું છે. તેમની અનોખી વ્યક્તિગત શૈલી અને બ્રાન્ડ સાથે તેમના જોડાણને જોતાં આ બંને કલાકારોની પસંદગી આ કેમ્પેન માટે કરવામાં આવી છે. અમારા સ્માર્ટવોચિસ જેવી રીતે નવી પેઢીના વોચિસનું પ્રતિનિધિત્વ કરે છે, તેમ આ સેલિબ્રિટીઓ પણ ફોસિલના પ્રશંસકોની આગામી પેઢીનું નેતૃત્વ કરે છે. દક્ષિણ કોરિયા પછી, ભારતીય ઉપખંડ બીજા દેશ છે, જ્યાં બ્રાન્ડને લોન્ચ કરવા માટે સેલિબ્રિટી સાથે જોડાણ કરવામાં આવેલ છે. આ કેમ્પેનમાં વરુણ ધવન અને શ્રુતિ હસન ટચસ્ક્રીન સ્માર્ટ વોચિસની નવી શ્રેણી રજૂ કરતા જોવા મળશે. આ નવી શ્રેણી ગ્રાહકની જીવનશૈલીમાં ટેક્નોલોજી અને ફેશનનું એક અનોખું સંયોજન લાવશે." ફોસિલ ઝેન ૩ ટચસ્ક્રીન અને સ્માર્ટવોચિસની કિંમત રૂ. ૧૯,૯૯૫ થી રૂ. ૨૧,૯૯૫ ની વચ્ચે છે. આ સ્માર્ટવોચિસ દેશભરમાં બધા એકસકલુઝિવ ફોસિલ રિટેલ સ્ટોર્સ અને પસંદગીના સ્ટોર્સમાં ઉપલબ્ધ છે.

## GIFT IFSC માટે નીતિ વિષયક પગલાં

સેબીના ચેરમેને આજે GIFT IFSCની મુલાકાત દરમિયાન GIFT IFSCના ચેરમેન સુધીર માંકડ તથા સ્ટોક એક્સચેન્જીસ/ ક્લિયરિંગ કોર્પોરેશન્સના અધિકારીઓને મળી છેલ્લાં છ મહિના દરમિયાન GIFTIFSCમાં સિક્યુરિટી માર્કેટ્સની અસરકારક કામગીરીના સંદર્ભમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવા ઉપરાંત વડાપ્રધાન દ્વારા તેમના ઉદઘાટન વક્તવ્યમાં રજૂ કરાયેલા વિઝનને પૂર્ણ કરવા માટેના ભાવિ પગલાંની ચર્ચા કરી હતી. ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટી ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર (GIFT CityIFSC)ની સ્થાપના ભારતીય એકમો સમાન ક્ષમતા સાથે વિદેશી નાણાકીય કેન્દ્રો સામે સ્પર્ધા કરી શકે તથાતેમને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રોની સમકક્ષ સુવિધાઓ તથા નિયમો ઉપલબ્ધ બનાવવાના હેતુથી કરાયો હતો. વૈશ્વિક રોકાણકારો અને બજારના ભાગીદારોને સીધી સેવા પૂરી પાડવા અને તેમની સાથે સીધો સંપર્ક સાધવાનું વિઝન ધરાવતા GIFT IFSCનું વિઝન વાસ્તવિક બને તે માટે તેમાં સરકાર અને નિયમનકારો દ્વારા સક્રિય પ્રયાસો કરાઈ રહ્યાં છે. સેબી( ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર્સ) માર્ગદર્શિકા, ૨૦૧૫ (IFSC માર્ગદર્શિકા) ૨૭ માર્ચ, ૨૦૧૫ના રોજ જારી કરાઈ હતી અને તે ૧ એપ્રિલ, ૨૦૧૫ના રોજ અમલી બની હતી.

## સેવા અને દુઆ સાથેનો દવાવાળો !

પ્રવર્તમાન આબોહવા, અસલીયત ગુમાવી ચૂકેલા ખાણીપીણી અને મિલાવટના જમાનામાં અગાઉના સમયની તુલનામાં સૌનું સ્વાસ્થ્ય લથડ્યુ છે તેથી મોટા ભાગના લોકો ઔષધિના આદિ બની ચૂક્યા છે - એટલેજ હવા-પાણી ને દુઆ સાથે દવાની ફરજિયાત જરુરિયાત ઉદ્દભવી છે !આવા સમયમાં ડ્રગીસ્ટ ; મેડીકલ સ્ટોર્સ ધરાવનારા (મારા મિત્ર દિગંત પટેલ)ની વ્યથા પ્રસ્તુત છે :

ગમતો એ બધાને પણ કામ હોય ત્યારે જ, ભાઈ આ દવાવાળો

ઘણી વાર એક ટાઈમ બે ટાઈમ કરતા ક્યારેક એક ટાઈમ નું ખાવાનુ ચુકી જનાર, ભાઈ આ દવાવાળો.

દર્દીને દવા સાથે મફતની સલાહ પણ આપનાર, ભાઈ આ દવાવાળો.

પરિસ્થિતિ મુજબ બધાના કામમાં આવનાર, હા સાહેબ કહીને અડીખમ ઉભો રહેનાર, ભાઈ આ દવાવાળો.

કામની વ્યસ્તતા સાથે સતત સંઘર્ષ કરનાર છતાં થાકવાની ફરિયાદ ના કરનાર, ભાઈ આ દવાવાળો.

બાળકો સાથે બાળક અને વડીલોને હંમેશા માન આપનાર , ભાઈ આ દવાવાળો.

કમ્પ્યુટરને આંગળીના ટેરવે ચલાવનાર, પોતાના રિપોર્ટ જાતે જ બનાવનાર,ભાઈ આ દવાવાળો

મોટા મોટા રજીસ્ટર સાથે એકલા હાથે ઝઝૂમનાર, "કરીએ એટલું કામ થાય" એ કહેવતને હમેંશા સાર્થક બનાવનાર, ભાઈ આ દવાવાળો.

જીવનને બચાવનાર એવી દવાનો શોધનાર, દવાનો જાણકાર, દવા આપનાર એવો આ ફાર્માસિસ્ટ આટલી ડિગ્રી હોવા છતાં લોકો એવું સમજે કે જેવી રીતે કરિયાણાવાળો, ચાયની લારીવાળો, પટાવાળો એવી રીતે દવાવાળો !

દવાવાળો ખરો, સાથે દુઆવાળો પણ હો !

**વિકેશશાહ દાંતીવાડા**

*મહાત્મા ગાંધીની ૧૪૮મી જન્મજયંતી નિમિત્તે શહેરમાં ગાંધી મિત્ર એવોર્ડ્સની છઠ્ઠી એડિશનનું આયોજન*

## ગુજરાતના રાજ્યપાલ મહામહિમ ઓ. પી. કોહલીના હસ્તે ગાંધી મિત્ર એવોર્ડ્સ -૨૦૧૭ ત્રણ સમાજ સેવકોને એનાયત કરવામાં આવશે



અમદાવાદ

વિચાર ફાઉન્ડેશન : મહાત્મા ગાંધીની ૧૪૮મી જન્મજયંતી નિમિત્તે વિચાર ફાઉન્ડેશન દ્વારા 'ગાંધી મિત્ર એવોર્ડ્સ-૨૦૧૭' કાર્યક્રમનું આયોજન તેના દ્દષ્ટા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ પટેલ અને ગુજરાતના રાજ્યપાલ મહામહિમ શ્રી ઓ.પી. કોહલીજી તથા સેવા સંસ્થાના સ્થાપક, પ્રખર ગાંધીવાદી અને ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર શ્રીમતી ઈલાબેન ભટ્ટની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. આ એવોર્ડ સમારંભ વિચાર ફાઉન્ડેશન ખાતે ૧ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સવારે ૧૧ વાગ્યાથી યોજાશે.'ગાંધી મિત્ર એવોર્ડ્સ-૨૦૧૭' વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પિંડવાલ ખાતેના સર્વોદય પરિવાર ટ્રસ્ટના શ્રીમતી સુજાતાબેન શાહ, સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે ગણતરના શ્રીમતી નિરૂપમાબેન શાહ અને પાટણ જિલ્લાના સગોડિયા ખાતે યોગાંજલિના શ્રીમતી રમીલાબેન ગાંધીને ઓ પી કોહલીજીના હસ્તે એનાયત કરવામાં આવશે. આજના આધુનિક સમયમાં એ જોવું ખરેખર હ્રદયસ્પર્શી છે કે આવા સમાજ સેવકો આજે પણ શ્રી મહાત્મા ગાંધીજીની વિચારસરણીને અનુસરે છે અને તેઓ સમાજના ઉત્કર્ષ અને સુધારા માટે પોતાનું જીવન સમર્પિત કરીને કાર્યરત છે. 'દર વર્ષે અમે ગાંધી મિત્ર એવોર્ડ્સનું આયોજન કરીએ છીએ, જેનો હેતુ એવા ત્રણ સમાજ સેવકો કે તેમની ટીમને ઓળખ આપવાનો છે જેઓએ ગાંધી વિચારને અનુસરીને પોતાનું જીવન સમાજને સમર્પિત કર્યું હોય અને ઉદાર વિચાર સાથે સમાજને મદદ કરી રહ્યા હોય. આવા સમાજ સેવકો કોઈ જિલ્લાના નાના ગામમાં કોઈ માળખાકીય સહયોગ વિના પણ સમાજ માટે પોતાનું જીવન સમર્પિત કરીને માનવતાને ખાતર સેવા આપી રહ્યા હોય છે અને તેમના વિશે બહોળા સમાજને જાણ પણ હોતી નથી.

આ કાર્યક્રમ દરમિયાન ભરત બારીયા, અક્ષય પટેલ અને ટીમ દ્વારા નર્મદાના કન્સેપ્ટ પર ડાન્સ પર્ફોર્મન્સ અને જાણીતા ઈન્ટિરિયર ડિઝાઈનર ભરતભાઈ જે. મેવાડા દ્વારા ૨૫ તસવીરો સાથે ગાંધી ચિત્ર દર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## સોની YAY!ના ગુરુ અને ભોલે નવરાત્રિની મોજમસ્તી માટે અમદાવાદમાં!



સોની પિક્ચર્સ નેટવર્કસની ઈંડિયાની બાળકોની મનોરંજન ચેનલ સોની YAY!ના ગુરુ અને ભોલેએ નવરાત્રિ મહોત્સવ દરમિયાન તેના બાળ ચાહકો માટે અમદાવાદની મુલાકાત લઈને સરપ્રાઈઝ આપ્યું હતું. સેન્ટ ઝેવિયર્સહાઈસ્કૂલ, મિરઝાપુર, અમદાવાદ ખાતે ઊતર્યા પછી આ વહાલાં પાત્રો સ્કૂલમાં બાળકો સાથે ગરબા રમતા અને મોજમસ્તી કરતાં જોવા મળ્યાં હતાં. બાળકો ઉપરાંત શિક્ષકો અને સ્કૂલનો સ્ટાફ પણ આ પાત્રો સાથે મજાનો સમય વિતાવતાં જોવા મળ્યા હતા.

## અમદાવાદ ખાતે શ્રી વિનાયક સહકારી બેંકનો નવા અદ્યતન સંકુલમાં શુભારંભ



અમદાવાદ

શ્રી વિનાયક સહકારી બેંક લિ.ના ચેરમેન પ્રતિક આર. કાકડીયાએ માહિતી આપતા જણાવ્યું કે શ્રી વિનાયક સહકારી બેંક લિ. જે વર્ષોથી ગ્રાહકોને સંતોષ સાથે સેવા આપવાનો અભિગમ અપનાવેલ છે. જેના થકી બેંકમાં સારા પ્રમાણમાં ડિપોઝીટ, શેર ભંડોળ, ધિરાણ તથા વ્યાજની ગ્રાહકોને અમૂલ્ય સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

બેંક કાલુપુર ચોખાબજારમાં વર્ષોથી ગ્રાહકોને સેવા આપતી આવી છે. આ સેવા યજ્ઞને વધુને વધુ આગળ ધપાવવા માટે વસ્ત્રાપુર, બોડકદેવ રોડ, અમદાવાદ ખાતે અદ્યતન સંકુલમાં બેંકની શાખા કાર્યરત થઈ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે બેંક સ્ટાફના અથાગ મહેનત થકી બેંકમાં એસએમએસ તથા મિસ કોલ્સ, બેલેન્સ સુવિધા, સ્ટેમ્પસ ફ્રેન્કંગ, આરટીજીએસ તથા એનઈએફટી બેકિંગ તથા ઓનલાઈન વધુ એકાઉન્ટ સ્ટેટમેન્ટની સેવાઓ ગ્રાહકોને પૂરી પાડવામાં આવશે.તેઓએ જણાવ્યું હતું કે બેંકમાં ડિપાઝીટ ખાતેદારોને ડિપોઝીટમાં આકર્ષક વ્યાજ આપવાની યોજના અમલમાં છે. ગ્રાહકોને સારી સેવાઓ મળે એજ અમારી પ્રથામિકતા રહે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગોગ્રીનના અભિગમને અનુસરે આ બેકે પણ જે ખાતેદારો ખાતા ખોલાવવા આવશે તેને પ્લાનકીટ ભેટ આપવાનું નક્કી કરેલ છે.

## જે.સાગર એસોસિયેટસ હવે ગિફ્ટ આઈએફએસસી અમદાવાદમાં કાયદાની પ્રથમ પેઢી



અગ્રણી રાષ્ટ્રીય કાયદાની પેઢી જે.સાગર એસોસિયેટસ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૭થી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી ખાતે તેનુ કાર્યાલય શરુ કરવાની જાહેરાત કરવામાં ખુશી અનુભવે છે. આ સાથે અમદાવાદ ખાતે ભારતના મહત્વકાંક્ષી ઈન્ટરનેશનલ સેન્ટરમાં ઓફીસ શરુ કરનારી જેએસએ પ્રથમ કાયદાકીય પેઢી બની છે. મુંબઈ કાર્યાલયમાં સિનિયર એમએન્ડએ ભાગીદાર શ્રી નીતિન પોતદાર ગિફ્ટ આઈએફએસસી ખાતે કાર્યાલયની આગેવાની કરશે. તેમને ભારતમાં તેમની વેપાર કામગીરીને સ્થાપવા અને મજબુત બનાવવા માટે દુનિયાભરની કંપનીઓ અને સંસ્થાઓને મદદરુપ થવાનો બે દાયકાથી વધુ સમયનો અનુભવ છે. શ્રી પોતદાર ગિફ્ટ આઈએફએસસીમાં વેપાર આસાનીથી કરવા માટે કંપની ધારા ૨૦૧૩માં મહત્વપુર્ણ સુધારણાઓનો મુસદ્દો ઘડવામાં સક્રિય રે. જેએસએ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીના દીર્ઘદષ્ટા પ્રકલ્પોનો હિસ્સો બનવામાં ગૌરવ અનુભવે છે, જે ખરા અર્થમાં ભારતને વૈશ્વિક નકશા પર મુકી દેશે , એમ શ્રી પોતદારે જણાવ્યુ હતુ.

### બીડી પીતો જા

ચમન ચોટીના ઘરમાં ચોર પેઠો. ચમન ચોટીના ઘરમાંનો હાંડલા કુસ્તી કરતાં હતાં. ચોરે તેવું કાંઈ ઘરમાં હતું નહીં. ચોરે અંધારામાં બધે ફાંફા માર્યા પણ કાંઈ મળ્યું નહીં. ચોર તો નિરાશ થઈને ચાલ્યો તો ચમન બોલ્યો, 'અલ્યા બીડી તો પાતો જા અને કમાડ બંધ કરીને જજે.

૦૦૦

### ચશ્માંમાં માખી છે

જમનાલાલે હોટલમાં જઈ ચા મંગાવી. ચાના ગ્લાસમાં માખી દેખાઈ. જમનાલાલ બોલ્યા, 'અરે ભાઈ આ ચા લઈ જા આમાં તો માખી છે !' હોટલ વાળાએ બીજી ચા આપી. વળી જમનાલાલ બોલ્યા, 'આમાં પણ માખી છે !' ચા વાળો બોલ્યો, 'કાકા ચામાં માખી નથી પણ તમારા ચશ્માનાં કાચ પર માખી છે.

૦૦૦

### લક્ષ્મીજી પધારે છે

કોઈ ભકત મંદિરમાં દર્શન કરવા ગયો. પુજારી કહે, 'અત્યારે દર્શન નહીં થાય અત્યારે ભગવાન સુઈ ગયા છે. સાંજે ચાર વાગે જાગશે..' પેલો ભકત કહે, 'મારે તો ભગવાનના ચરણો હજાર રૂપિયા ધરવા હતા.. ચાલો બીજા મંદિરમાં !' તરત જ પૂજારી બોલ્યો, 'ઉભા રહો, ભગવાનને જગાડું કે લક્ષ્મીજી પધાર્યા છે.. જાગો..'

૦૦૦



## મધુવન

**'હૃદયનો રોગ છે આ અન્યને રસ હોય શું એમાં ?**
**તમે આવો તો હું તમને બતાવી દઉં દવા મારી'**

સ્વ.બરકતઅલી ગુલામહુસૈન વિરાણી 'બેફામ' ના આ શે'ર માં હૃદયના રોગની વાત થૈ છે. હૃદયરોગની નહીં, પ્રેમની વાત છે. જેને પ્રેમ નામનો રોગ થાય છે એને મીઠી મુંઝવણ થયા કરે છે. કશે મન લાગતું નથી. સતત બેચેન જણાય છે. બધી બિમારીઓનાં સામટાં સરેરાશ લક્ષણો એમાં જોવા મળે છે પણ કોઈ હકીમ એની નસ પારખી શકતો નથી. કોઈ વૈદ્ય પાસે એની દવા નથી અને આવા રોગમાં કોઈ સારસંભાળ રાખવા વાળું પણ હોતું નથી. આથી શાયર જેનાથી પ્રેમ થયો છે એવા પ્રીયજનને કહે છે કે તું પધારે તો તને કહું કે મને શું થાય છે બસ મારા આ દર્દની દવા તું જ છે.

**'હરદમ તને જ યાદ કરૂં એ દશા મળે,**
**એવું દર્દ ન આપ કે જેની દવા મળે'**

ગઝલસમ્રાટ સ્વ.શૂન્ય પાલનપુરી સાહેબના આ શે'ર માં દર્દની માંગણી છે. એવા દર્દની જે માણસને સાચા અર્થમાં જીવાડે છે, સાચવે છે સંભાળે છે, જેની દવા કોઈ જગ્યાએથી મળી જાય અને દર્દ મટી જાય એવું દર્દ શાયર નથી માંગતા. શાયર ઈચ્છે છે કે બસ તને હરદમ હરપળ છેલ્લા શ્વાસ સુધી યાદ કરૂં એવું એક દર્દ આપી દે..

**'પ્રેમ મિશ્રીત ઝેર પણ દે તોય મારી ના નથી,**
**એ દવા ન આપ જેમાં પ્રેમની માત્રા નથી'**

સ્વ.અમૃત ઘાયલના આ શે'ર માં પ્રેમની માંગ છે. પ્રેમ મિશ્રીત વિષને પણ ગટગટાવવાની જેની તૈયારી છે. ઝેર પણ આપો તો પ્રેમથી આપો. પ્રેમ નામનું રસાયણ ભેળવીને આપો, શાયરના દર્દની આ એક જ દવા એ છે પ્રેમ. બીજી કોઈ ઔષધિઓથી એમનો ઉપચારથવાનો નથી. આથી તેઓ સાફ મના કરે છે કે એવી કોઈ દવા ન આપો જેમાં પ્રેમ ન હોય કે જરા જેટલી પણ પ્રેમની માત્રા ન હોય.

**'રોગ આમેય કયાં હતો કોઈ**
**આપ આપો છો તે દવા આપો'**

ગઝલકાર સ્વ.આદિલ મન્સુરી પોતાના પ્રિયજન સમક્ષ દવાની માંગણી કરતાં કહે છે કે, મને બીજી કોઈ બિમારી જનહોતી. આ તો આપની ગેરહાજરીથી મન બેચેન હતું. કયાંય કશું ગમતું જ નહોતું. બસ હવે આપ પધાર્યા છો તો આપ જે દવા આપતા હતા એ સ્નેહરૂપી સહવાસ એ સુમધુર સ્મીત એજ અમારી માંદગીની અકસીર દવા છે. બસ સવાર સાંજ બે ટાઈમ આપના દર્શન રૂપી દવાના અમી ઘુંટડા આપતા રહો.

**'કોને કહું કે આ રીતે જીવી જવાય છે,**
**જેદર્દ હોય તે વળી પોતે દવાય છે'**

રતિલાલ અનીલના આ શે'ર માં દર્દને દવા બંનેને એક ગણવામાં આવ્યા છે. પ્રેમનું દર્દ માણસ સહનકરી શકતો નથી તો પ્રેમ વિના માણસ બરોબર જીવી નથી શકતો. કોઈ આપણી રાહ જુએ છે કોઈ આપણને પ્રેમ કરે છે કોઈ આપણા અવાજને ઝંખે છે. કોઈ આપણા દર્શનથી રાજી થાય છે, કોઈની આંખો આપણા દર્શનની પ્યાસી છે. આ આશ્વાસન માણસને જીવાડી દે છે. આવો પ્રેમ પોતે દર્દ પણ છે અને એ પોતે જ પોતાની દવા પણ છે.

**'તું એ તબીબ માફ કરે તો કહી દઉં**
**હાલત વધુ ખરાબ થઈ છે દવા પછી'**

ઉસ્માનમુરાદ મહંમદ બલોચ 'બરબાદ' જુનાગઢીના આ શે'ર માં તબીબની સારવારથી હાલત વધારે કફોડી બની હોવાની વાત વ્યકત થઈ છે. શ્વાસોશ્વાસમાં સમગ્ર દેહમાં, દિલમાં, નસેનસમાં વ્યાપેલો હોવા છતાં પ્રેમનો રોગ શોધી શકે એવાં સાધનો હજી શોધાયાં નથી. અંતે જોઈએ.. આદમ મૂસા પટેલ 'અદમ' ટંકારવીનો આ શે'ર.

**'કેવળ દવાથી રોગ અમારો નહીં મટે**
**સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## નારદજીનું અભિમાન ઓગળી ગયું

વીણા વગાડવામાં નારદજીની તોલે કોઈ ન આવે.

એમના જેવી કુશળતા, ધ્યાનતા અને ઝણઝણાટી બીજું કોઈ ન કરી શકે. ચારે બાજુ એમના વખાણ થતાં નારદજી એમની વીણાના તારનો ઝણકાર દ્વારા બધાને ડોલાવતા હતા. આથી નારદને વીણા અભિમાન આવી ગયું. નારદને પણ થયું મારા જેવો વીણા વગાડવામાં કુશળ બીજો કોઈ નથી. આમ નારદની છાતી અભિમાનથી ફુલાઈ ગઈ.

આ વાત શ્રીકૃષ્ણથી અજાણ ન રહી.

એમને થયું કે આ વાત ઠીક નથી. નારદ જેવામાં ગર્વ પેસી જાય તો અનર્થ થઈ જાય. માટે એ ગર્વનું ખંડન કરવું જોઈએ. મારો એ ધર્મ છે કે મારા ભકતોને આવા ખોટા દોષમાંથી મુકત કરવા.શ્રીકૃષ્ણ તે દિવસથી પ્રસંગની શોધમાં રહેતા.

અને એક દિવસ એવો પ્રસંગ પણ આવી ગયો.

એક દિવસ અનેક વિભૂતિઓની સભા મળી હતી. નારદ પણ 'નારાયણ નારાયણ' કરતાં ત્યાં આવી ગયા અને બાજુમાં હનુમાનની પુંછડીની ગાદી બનાવીને આસન જમાવીને બેસી ગયા.

શ્રીકૃષ્ણે કહ્યું, નારદજી તમારી વીણાના તો ઘણા વખાણ સાંભળ્યા છે. એકાદ વાર વીણાનો નાદ તો સંભળાવો.

નારદે વીણા હાથમાં ઉપાડી તાર ઉપર મુલાયમ આંગળીઓ ફેરવી તારને ઠીકઠાક કરીને મૃદુ ઝંકારના ટંકાર કર્યો. અને વીણાના તારમાં કંપન પેદા થયું. જાણે સ્થિર જળ ઉપરથી મંદમંદ વાયુની લહેર સ્પંદન ન જગાડતી હોય ! સભામાં બેઠેલા લોકોના દિલમાં ઝંકાર પેદા થયો. વીણાવાદન આગળ વધતું ગયું તેમ તેમ સભામાં બેઠેલા શ્રોતાઓના મન ડોલી ઉઠયા.

નારદે સુંદર રીતે વીણાવાદન દ્વારા વાતાવરણને સૂરથી ભરી દીધું. સભામાં બેઠેલી વિભૂતિઓની ડોક ડોલી ઉઠી. બધાના મુખમાંથી પ્રસન્નતાના પુષ્પ ખરવા લાગ્યા અને નાદરે વીણા બંધ કરી છતાં વાતાવરણમાં વીણાના સૂર રેલાતા જ રહ્યા. નારદે ગર્વથી શ્રીકૃષ્ણની સામે જોયું પરંતુ શ્રીકૃષ્ણ પ્રશંસાના શબ્દો પણ નહોતા કહેતા.

શ્રીકૃષ્ણે હનુમાનજી સામે જોઈને કહ્યું, કેમ બજરંગ બલી તમને સંગીત કેવું લાગ્યું ?

હનુમાનજીએ માત્ર સ્મિત કર્યું. આ જોઈને નારદના ચહેરા પર નારાજગી અને ગુસ્સાના ભાવો દેખાયા.

નારદનો ચહેરો જોઈને શ્રીકૃષ્ણે પુછ્યું, કેમ નારદજી ખીન્ન દેખાવો છો ?

નારદજીએ કહ્યું, હે નારાયણ તમને આ સભામાં અનેક સંગીત વિશારદો બેઠા હોવા છતાં માત્ર હનુમાનજીને જ શા માટે મારા સંગીતનો અભિપ્રાય પુછ્યો, શું તમે મારી મશ્કરી કરવા માંગો છો ?

શ્રીકૃષ્ણે પુછ્યું, નારદજી એમાં દુઃખી થવાનું કોઈ કારણ જ નથી. આ હનુમાનજી પણ સારી વીણા વગાડી જાણે છે. આપો તમારી વીણા આ બજરંગ બલીને !

નારદે કહ્યું નારાયણ મને મારી વીણા વધુ વ્હાલી છે. તેને હનુમાનજીના હાથમાં મુકતા ભય લાગે છે.

શ્રીકૃષ્ણના કહેવા પર મને કમને નારદે હનુમાનજીને વીણા આપી. હનુમાનજીએ વીણા વગાડવાનું શરૂ કર્યું. રામના ભજનો ખુબ જ ભક્તિભાવથી ગાવા માંડયા. એમાં ઝણઝણાટ નહોતો, ઝંકાર શબ્દનોટંકાર ન હતો. હતી માત્ર એક આદ્ર હ્રશ્યની પ્રેમભરી આરઝુ. સંગીત સાંભળીને સભા ડોલી ઉઠી.. કરૂણા રસથી પથ્થર ઓગળી ગયા. જ્યારે એમનું સંગીત પુરૂં થયું ત્યારે બધાએ એમના સંગીતની પ્રશંસા કરી. નારદજીએ પણ પ્રશંસા કરી.

નારદજી તરત જ શ્રીકૃષ્ણના પગે પડયા અને કહ્યું, નારાયણ, મને ક્ષમા કરો લોકોના ગુણદોષોને હું નથી જાણતો. આપ તો સર્વ જ્ઞાની છો.

હનુમાનજીનું સંગીત જોઈને નારદજીનું અભિમાન ઓગળી ગયું.

હનુમાનજીને નારદ ભેટી ગયા. પોતાનું અભિમાન ઉતારવા માટે શ્રીકૃષ્ણ`આ ઉપાય અજમાવ્યો એ જાણીને તેઓ શ્રીકૃષ્ણનો વારંવાર આભાર માનવા લાગ્યા.

**-કમલેશ કંસારા**

## ચીંચીં ચકલી પાછી આવી

એક દિવસ વેદ પોતાના ઘરની સામે રમતો હતો. તેવામાં તેની નજર તેની નજર એ ખાલી જગ્યા પર પડી જયાં પહેલાં એક આંબાનું ઝાડ હતું. જેને થોડા દિવસ પહેલાં કાપી નંખાયું હતું. તેના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. જયારે આંબાનું ઝાડ હતું ત્યારે તેના પર પંખીઓનું ઝુંડ રહેતું હતું. જે હમણાંથી દેખાતું ન હતું. તેથી તેનું મન ઉદાસ થઈ ગયું. વેદ પોતાના આંગણામાં ચીં... ચીં કરતી એક ચકલીની સાથે રમ્યા કરતો જે તેનો રંગબેરંગી પાંખોવાળી નાની નાની સખીઓની સાથે આવીને ઉડાઉડ કરતી. હવે તેનું આંગણું સુનું સુનું લાગતું હતું.

આમ તો બધું પહેલાં જેવું જ હતું. પણ હવે પેલાં પંખીઓનો કલરવ ન હતો. એ જ માત્ર ખોટ હતી. વેદ વિચાર કરતો હતો કે રંગબેરંગી પાંખોવાળી ચકલીઓએ તેની મિત્રતા તોડી નાંખી છે. તેની સાથે કિટ્ટા કરી લીધી છે. છતાં તેને એ ફરી મળશે એવી આશા હતી. તેના મનમાં અગણિત સવાલો થવા લાગ્યા.

રાત થતાં તેની મમ્મીએ તેને ભણવા બેસવાનું કહયું પણ વેદનું મન ભણવામાં લાગતું નહતું. તેને તો બસ પેલી ચીં... ચીં ચકલીની યાદ સતાવતી હતી. વેદ રોજની જેમ દુધ પીને સુવા જતો રહયો. તે સમયે ઓરડાની ખુલ્લી બારીમાંથી અવાજ આવ્યો વેદ... વેદ...

વેદ ચોંકીને બેઠો થઈ ગયો. તેને મનમાં વિચાર આવ્યો કે આટલી મોડી રાતે તેને કોણ બોલાવી રહયું છે?

વેદ બોલ્યો,'કોણ છે?'

સામેથી જવાબ મળ્યો. 'ઓળખી નહીં હું ચીં ચીં. વેદ બારી પાસે ગયો અને ચીંચીં ને જોઈ ખુબ જ ખુશ થયો. જે ચકલીની તે સવારથી ચીંતા કરતો હતો તે હવે તેની સામે જ હતી. વેદ ખુબ ભોળપણથી બોલ્યો, 'ચીંચીં તું મને મુકીને કેમ જતી રહેલી. આટલી મોડી રાતે મારી પાસે કેમ આવી છે.

ચીંચીંએ જવાબ આપ્યો, 'હું તને મળવા આવી છું. ભઈલા મને પણ તું બહુ યાદ આવતો હતો.'

વેદે પુછ્યું શું તું પહેલાંની જેમ મારા આંગણામાં નહીં આવે?

ચીંચીંએ કહ્યું 'ના'

આ સાંભળી વેદની આંખોમાં આંસુ આવી ગયાં. વેદે ફરી પુછ્યું 'બહેના, શું તને મારી દોસ્તી ગમતી નથી?'

વેદનો સવાલ સાંભળી ચીંચીં પણ બહુ દુખી થઈ ગઈ. તેણે કહ્યું 'ના દોસ્ત, એવું નથી. અમને પણ તારી મિત્રતા બહુ ગમે છે. પણ આંબાનું ઝાડ કપાઈ જતાં અમારા માળા વિખરાઈ ગયા છે. ખોરાક શોધવા અમારે દુર દુર સુધી ઉડીને જવું પડે છે. એક દિવસ તમારા ગામના તળાવે પાણી પીવા ગયાં તો તળાવ સુકાઈ ગયું હતું. તરસથી અમે આકુળ વ્યાકુળ થતા હતાં. પાણીની શોધમાં અમે ઉડવાનું શરૂ કર્યું પણ કોઈ તળાવ મળ્યું નહીં. આજુ બાજુનાં બધાં તળાવો સુકાઈ ગયાં હતાં. તે દરમિયાન મારી સાથેની ઘણી ચકલીઓ તરફડીને નીચે પડી, કેટલીયે હંમેશ માટે અમને છોડી ગઈ. પાણી, ખોરાક અને રહેઠાણની શોધમાં અમે એટલાં દુર નીકળી ગયેલાં કે પાછું આવવું મુશ્કેલ હતું. છતાં તને મળવાનું મન બહુ થતું હતું.

ચીંચીંની વાત સાંભળી વેદને ખુબ દુખ થયું. તેણે ચીંચીંને ખાત્રી આપી કે તમને પાછાં લાવવા ચોકકસ ખુબ પ્રયાસો કરીશું. ચીંચીં સાથે વાત કરતાં કરતાં વેદને ઉંઘ આવી ગઈ. તે સમયે વેદના દાદીએ બુમ પાડી 'વેદ...વેદ... ઉઠ બેટા સવાર થઈ ગઈ, તારે સ્કુલે નથી જવું?'

વેદ આંખો ચોળતો બારી તરફ દોડયો. પણ તેને ચીંચીં જોવા ન મળી. જયારે વેદની નજર દાદીમાં પર પડી તો તેણે જોયું કે દાદીમાં ધરતીને પ્રણામ કરી તેને પુછી કહયાં હતાં, 'વેદ કોને શોધે છે.'

વેદ નિરાશા સાથે બોલ્યો 'કોઈને નહીં પણ વેદે તરત દાદીમાને સવાલ પુછયો, 'દાદીમાં તમે રોજ સવારે ધરતીને સ્પર્શ કરી પ્રણામ કેમ કરો છો?'

દાદીમાં બોલ્યા, 'બેટા જલ્દી તૈયાર થઈ જા નહીંતર મોડું થઈ જશે. તું પાછો આવીશ પછી શું તને તારા સવાલનો જવાબ આપીશ.' સ્કુલથી પાછા આવતાની સાથે જ વેદ દોડીને દાદીમાં પાસે આવ્યો અને પુછવા લાગ્યો.

દાદીમાંએ તેને ખોળામાં બેસાડી કહયું 'જો બેટા, ધરતી આપણી માતા છે. તે આપણું પાલન પોષણ કરે છે. પાણી, ખોરાક, કપડાં અને મકાન એ બધું ધરતીની દેન છે તેથી હું ધરતીને રોજ પ્રણામ કરૂં છું. પરંતુ આજકાલ આપણે સૌ વિકાસની વાતે એટલા આંધળા થઈ ગયા છીએ કે આ ધરતીનું મહત્વ ભુલી ગયાં છીએ. આપણે આપણાં કામ અને જરૂરિઆત માટે એક તરફ ઝડપથી વનોને કાપી રહયાં છીએ અને બીજી તરફ ઝડપથી વધતી વસ્તી, ઝેર ઓકતા ઉધોગો અને શહેરીકરણે આપણું વાતાવરણ બદલી નાંખ્યું છે. જળ, જમીન અને વાયુ પ્રદષિત થઈ ગયાં છે. સુર્યના વિકિરણ સામે સુરક્ષા આપનાર ઓઝોનનું પડ પાતળું થઈ રહયુ છે. જેની કારણે ધરતીમાંનું તાપમાન વધી રહયું છે. ભુકંપ, વાવાઝોડાં અને સુનામીના કારણે જાનમાલનું નુકશાન થઈ રહયું છે. તેની માટે આપણે સૌ જવાબદાર છીએ. આપણે જે ડાળ પર બેઠા છીએ તેને જ કાપીએ છીએ.'

તે વખતે વેદે દાદીમાંને વચ્ચે અટકાવીને પુછ્યું, 'શું એથી જ પેલી ચકલીઓનું ઝુંડ આપણેથી જતું રહયું નહીં હોય ને! તેણે ચીંચીંની વ્યથા દાદીમાં સામે વ્યકત કરી અને હિબકાં ભરી રડવા લાગ્યો.

પૌત્રની આંખમાં આંસુ જોઈ દાદીમાં પણ ગળગળાં થઈ ગયાં. તેમણે કહ્યું, 'હાં બેટા વેદ આ ઘરડી આંખોથી મેં જોયું છે કે બધું કેટલું ઝડપથી બદલાઈ રહયું છે. પહેલાં ચારે બાજુ હરિયાળી હતી. તળાવનું પાણી કયારેય સુકાતું નહીં.' હું ગામને ફરી પાછું એવું જ જદવા માગું છું. તે માટે મારે તારા જેવા સૌ દોસ્તોની મદદની જરૂર છે.'

વેદ દોડીને ગામમાં ગયો અને પોતાના બધા મિત્રોને બોલાવી લાવ્યો દાદીમાંએ વેદ અને તેના દોસ્તોને ધરતીમાં સાથે થઈ રહેલી અન્યાયની વાત કરી અને પર્યાવરણનું મહત્વ સમજાવ્યું. દાદીમાંએ છોકરાંઓને કહ્યું કે પૃથ્વીને બચાવવા અને પર્યાવરણ અંગે જાગૃતિ વધારવા માટે દર વર્ષે ૨૨ એપ્રિલે પૃથ્વી દિવસ ઉજવાય છે. પહેલીવાર ૨૨ એપ્રિલ ૧૯૭૦ની અમેરિકન સેનેટર ગેલાર્ડ નેલ્સનની આગેવાનીમાં પુથ્વી દિવસ ઉજવવાનું મોટું આયોજન થયેલું. જેને વ્યાપક જન સમર્થન મળ્યું. તે પછી દર વર્ષે ૧૮૦ જેટલા દેશોમાં પૃથ્વી દિવસ ઉજવણી થાય છે. તે વખતે વેદે દાદીમાંને ફરી સવાલ કર્યો, 'દાદીમાં દાદીમાં અમે આ ધરતીને બચાવવા શું કરી શકીએ?

પોતાના પૌત્રની જીજ્ઞાસા જોઈને દાદીમાં ખુબ ખુશ થયાં. તેમણે કહયું કે પૃથ્વી દિવસ ફકત એક ઉજવણીનો દિવસ નથી. તે વાતે ચિંતન મનન કરવાનો દિવસ છે કે આપણે આપણી વસુંધરાને કઈ રીતે બચાવી શકીએ. તેને બચાવવાના અનેક ઉપાયો છે. જેમાં આપણે એકલા અને સામુહિક રૂપે યોગદાન આપી શકીએ.

દાદીમાંની વાત સાંભળી બાળકોમાં ઘણો ઉત્સાહ દેખાવા લાગ્યો. તે દરમ્યાન દાદીમાંની આગેવાનીમાં બધાં બાળકોએ મળી ગામમાં ઝાઝાં બધાં ઝાડ વાવવાનો સંકલ્પ કર્યો. સૌથી પહેલાં વેદે પોતાના ઘરથી તેની શરૂઆત કરી. તેણે કપાયેલ આંબાના ઝાડની જગ્યાએ આંબાનો નવો છોડ રોપ્યો. છોકરાંઓએ ભેગાં મળીને પીવાના પાણીની મુસીબતને દુર કરવા જુના તળાવને સાફસુફ કરી સમારકામ કર્યું અને સાથોસાથ ગામના સરપંચને નવું તળાવ ખોદવાની માંગણી કરી. તે સાથે છોકરાંઓએ ગામની સફાઈ અંગે પણ ધ્યાન આપ્યું. જેથી ધરતી માતા સ્વચ્છ અને સુંદર બને અને બીજાંઆને પણ સ્વચ્છતાનો સંદેશ મળે. બાળકોની લગન અને મહેનતને જોઈ ગામના બીજા લોકો પણ આ અભિયાનમાં જોડાઈ ગયા. થોડા દિવસોમાં વેદ અને તેના દાદીમાંની નહેનત રંગ લાવી. ગામ પહેલાં જેવું હરિયાળું થઈ ગયું. તળાવોમાં પણ પાણી રહેવા લાગ્યું.

થોડા દિવસ પછી રવિવારે સ્કુલમાં રજા હતી. વેદ પોતાના ઘરની સામે રમતો હતો. ત્યારે તેની નજર આંબાના છોડવા પર પડી. જયાં ચીંચીં પાંખો ફફડાવતી હતી. જાણે કે તે વેદને ધન્યવાદ આપતી ન હોય! **-નટવર હેડાઉ**

## ખ્વાહીશ

હે ઈશ્વર દુનિયા છે તારી તેમાં લાખો ખ્વાહીશ અમારી
તેમાં દરેકની જુદી જુદી છે ફરમાઈશ તું પુરી કરીશ ખ્વાહીશ ?
માણસને પંખીની જેમ ઉડવાની ખ્વાહીશ
પશુ પંખીને માણસની જેમ બોલવાની ખ્વાહીશ
બાળકને ઝડપી મોટા થવાની છે ખ્વાહીશ
મોટાને બાળકની જેમ ફરવાની છે ખ્વાહીશ
હે ઈશ્વર દુનિયા છે તારી તેમાં લાખો ખ્વાહીશ અમારી
તેમાં દરેકની જુદી જુદી છે ફરમાઈશ તું પુરી કરીશ ખ્વાહીશ
હરીફાઈની આ દુનિયામાં જીતવાની ખ્વાહીશ
પરંતુ મહેનત વગર શકય નથી કોઈની ખ્વાહીશ
વાદળને વરસી નદીમાં ખળખળ વહેવાની ખ્વાહીશ
પરંતુ વાદળને ચોમાસા વગર પુરી ન થાય ખ્વાહીશ
હે ઈશ્વર આ દુનિયા છે તારી તેમાં લાખો ખ્વાહીશ અમારી
તેમાં દરેકની જુદી જુદી છે ફરમાઈશ તું પુરી કરીશ ખ્વાહીશ
મંદીરે મંદીરે ભટકી ભટકી કરે દેવોને ફરમાઈશ
બાધા આખડી રાખે દેવો આગળકરે ફરમાઈશ
નાળીયેર વધેરી અખંડ જયોતની કરે ફરમાઈશ
પરંતુ વગર મહેનતે માંગણીની પુરી ન થાય ખ્વાહીશ
હે ઈશ્વર દુનિયા છે તારી તેમાં લાખો ખ્વાહીશ અમારી
વીરા જુદી જુદી ફરમાઈશ શકય હોઈ તેટલી પુરી થાય ખ્વાહીશ

**વીરાભાઈ સી.ચાવડા**(કાણોદર)

## સફેદ વફાદાર ખિસકાલી

ચડતી, પડતી દોડતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
રોટલીના ટુકડા ખાતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
બીલાડી જોઈ નાસતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
ઝાડ ઉપર જલદી ચડતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
કોથળા ફાડી માળા કરતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
તેના બચ્ચાં ચું ચું બોલતા રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
પુંછડી ઉંચી નીચી હલાવતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી
ભીની રેતીમાં ફરતી રે, સફેદ પટ્ટાવાળી ખિસકોલી

**રમેશ જે.ચૌધરી** (વાછોલ)

## આવું કેમ ?

તમે જેને ચાહો છો એને નથી પામી શકતા
પ્રેમમાં આવો વિલંબ કેમ હોય છે ?
તમે જેને પામો છો એને નથી ચાહી શકતા
પ્રેમમાં આવો જુલમ કેમ હોય છે ?
કોઈ ઝુલ્ફોની જંજીરોમાં ને કોઈ નજરોના વારી
પ્રેમમાં સૌ કોઈ ઘાયલ કેમ થાય છે ?
નથી કોઈને કહેવાતું કે નથી કોઈથી સહેવાતું
પ્રેમના એ મીઠા દર્દને ન તો વેચી શકાય છે..
દ્રઢ એ રહસ્યને ના જાણી શકયા હજુ આપણે
પ્રેમમાં આવો સંજોગ વિજોગ કેમ હોય છે ?
વાંક હોય છે નજરનો સજા ભોગવે છે દિલ
પ્રેમમાં આવો અન્યાય કેમ હોય છે ?

**સંકલન : પી.સી.જેપુ (પ્રચાંદ)** ડેડાવા

## યાદ આતા હૈ બચપણ

યાદ આતા હૈ વો બચપન, કૈસે ખુશીયો ભરે થે મેરે વો દિન
કભી હસે કભી રોયે, ફીર ભી યાદ આતા હૈ વો બચપન
કૈસે ખુશીયો...
પાપા કો સતાયે.., માં કો રૂલાયે
ભૈયા સે રૂઠ જાયે, દોસ્તોં કી મહેફીલ જમાય.
યાદ આતા.. કૈસે ખુશીયોં...
ચલે ગયે વો દિન, રહ ગઈ સ્મૃતીયાં
મેરે બચપન કી વો નિશાનીયાં, ઉમ્મીદે હૈ ખુદા સે
લૌટા દે વો દિન ઔર કુછ ન ચાહે
ચાહે મુજે મેરા બચપના મેરે દોસ્તો કા
દોસ્તાના..યાદ આતા.. કૈસે ખુશીયોં..

**ઠાકોર ટીના આર.** (સુરાણા)

## પહેલાં ભડાકો કે ચમકારો ?

જગલાએ જંગલમાં જાહેર કર્યું, આવતા રવિવારે સૌ બાળકોએ વડ નીચેના મોટા ઓટલે આવવું. નવું જાણવા, શીખવા મળશે. .એ સાથે એણે પોતાના નામ સાથેના નાના પોસ્ટરો પણ ચોંટાડી દીધા.. જેણે જેણે આ વાંચ્યા, કંઈક વળી સાંભળ્યાનો ઘણાએ વગર પુછે પણ કહી દીધું, આ જંગલમાં જગલાએ શું માંડયું છે ? શું નવું શીખવવાનો છે ? જણાવવાનો છે ? ઘણા આ વાલીઓએ નાકનું ટેરવું ચડાવ્યું.. કોઈકે ન જાણે શું શું બકી નાખ્યું..

પણ જગલો મક્કમ હતો.. એણે નક્કી કરી નાખ્યું જ હતું કે મારે જંગલના બાળકો માટે દર રવિવારે સાંજે બે કલાક ફાળવવા. એમને વિજ્ઞાનની, સમાજવિદ્યાની નવી નવી વાતો કહેવી જેથી એમના જ્ઞાનમાં વધારો થાય.

જગલાનો ઈરાદો સારો હતો. એમ કરતાં કરતાં રવિવાર આવી ગયો. સાંજે ચારથી છ નો સમય રાખવામાં આવ્યો હતો. આ તરફ કેટલાક વાલીઓને માનસિક શાંતિ પણ હતી કે હાશ પોતાનું બાળક બે કલાક રખડતું અટકશે. જગલો જરૂરથી કંઈક શીખવશે.. જે એમને કામ આવી શકે.

સાંજના સાડા ત્રણ થઈ ચુકયા હતા. સૌથી પહેલા જગલાનું આગમન થયું ત્યારે પણ કોઈ આવ્યું ન હતું. સમય થયો.. ચાર જણા આવ્યા હતા.. પહેલો દિવસ હતો ઘણાને એમાં રસ ન હોય એ સ્વાભાવિક છે..

સવા ચાર થયા. દસ જણા ત્યાં આવી ચુકયા હતા. આ દસ પૈકી કેટલાક વાલી આવ્યા હતા. છોકરાઓને આગળ બેસાડયા..વાલીઓ પાછળ ગોઠવાઈ ગયા..

જગલાએ ઉભા થઈને સૌને નમસ્કાર કરી આગળ બેઠેલા દસને ઉભા થઈને પોતાનો પરિચય આપવા માટે જણાવ્યું.. એક એક ઉભો થઈને. અદબ વાળીને પોતાનો પરિચય આપતો હતો.. એ જોઈ પાછળ બેઠેલા વાલીઓને જાણે ખુબ નવાઈ લાગી. પોતાનો છોકરો ઘરમાં કેવી ધમાચકડી, ધીંગામસ્તી કરે છે જયારે અહીં જગાભાઈ આગળ..

પરિચય પુરો થયો.. જગલાએ આગળ શરૂઆત આરંભતાં કહ્યું, 'વહાલા બાળકો આજે અને હવેથી દર રવિવારે આપણે અહીં મળીશું.. અને હું તમને કયાંક વિજ્ઞાનની કયાંક ઈતિહાસની ભુગોળની મસ્ત માહિતી આપીશ.. જે તમારા જ્ઞાનમાં વધારો કરશે..

જગલાએ જેવું કહ્યું કે તરત જ છોકરાં તાલી પાડી ઉઠયાં.. પાછળ બેઠેલા વાલીઓ હરખાયા..

જગલાએ વિદ્યાર્થીઓને બાળકોને પહેલો સવાલ કર્યો, બોલો હવે કયો મોટો તહેવાર આવી રહ્યો છે ?

કોઈકે દશેરા તો કોઈકે શરદપુનમ તો કેટલાકે દિવાળીનો તહેવાર કહ્યો.. જોકે દિવાળીનો તહેવાર કહેનારા ઝાઝા હતા તેથી જગલાએ સવાલ પુછયો, દિવાળીમાં શું થાય ?

ફટાકડા ફુટે અને એને ફોડવાની મજા પડે..

છોકરા.. બાળકો બોલ્યાં...

એટલે શું થાય ? જગલાએ આગળ વધુ સવાલ પુછયો..

સામે બેઠેલા છોકરા એક એક કહેવા લાગ્યા, ફટાકડો ભમ કરતોક ફુટે.. એક ધડાકો થાય.. ધુમાડો નીકળે પછી ચમકારો થાય..

સામેના છોકરા પોપટની જેમ પટપટ બોલવા લાગ્યા. જગલો હરખાયો.. પાછળ બેઠેલા એમના વાલીઓ પણ હરખાઈ ઉઠયા.. આ તો સમજાવવાની ઘણી સારી વાત છે.. છોકરાંને મજા પડી ગઈ..

થોડીવાર પછી જગલાએ એક સરસ પણ જરૂરી પ્રશ્ન પુછયો.. ચાલો કહો જઈએ.. તમે જે ફટાકડો ફોડો છો એ પહેલાં ચમકારો થાય છે પછી ભમ કરતોક અવાજ આવે છે.. ચાલો બોલો.. કહો કે એવું કેમ થતું હશે ? જગલાએ સવાલ પુછયો..પણ સૌ જાણે ચુપ થઈ ગયા. કોઈને જવાબ આવડતો જ ન હોય એમ.. પાછળ બેઠેલા.. વાલીઓ પણ મોં વકાસી ગયા.

તો હું કહું છું.ધ્યાનથી સાંભળો.. જગલાએ નિયમ સમજાવ્યો.. ફટાકડો ફુટવામાં એક સાથે બે ઘટના બને છે પણ પ્રકાશની ઝડપ વધારે હોવાથી પહેલા ચમકારો દેખાય છે..

પછી અવાજ.. કારણ કે અવાજની ઝડપ પ્રકાશ કરતાં ઓછી.. છોકરાઓને નવું જાણવાનું મળ્યું..

વાલીઓ કહી ઉઠયા.. વાહ જગા ભૈ.. વાહ.. આવું આવું શીખવાડતા રહો..

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

## છેવાડાની ...

પાના નં.૧ ચાલુ

તેમજ સોલાર પાર્કથી આ વિસ્તારના યુવાનોમાં રોજગારીની નવી તકોનુ સર્જન થશે. પશુપાલકોના હિત અને કલ્યાણ માટે બનાસ ડેરી દ્વારા કાળજી ભર્યા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય અને દેશની વિકાસ કુચ વધુ વેગ વંતી બનાવવામાં કાંઠાની જનતાને સંકલ્પ બધ્ધ બનવા અનુરોધ કર્યો હતો. આવનારા સમયમાં પાલનપુર ખાતે ૭૦૦ બેડની વ્યવસ્થા વાળી અધ્યતન હોસ્પિટલ તેમજ નજીકના સમયમાં સરહદી વિસ્તારમાં આયુર્વેદીક હોસ્પિટલ બનાવવાનું પણ સરકારનું આયોજન છે.

રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી આ વિસ્તારના ધારાસભ્ય પણ છે, માટે તેઓની આ વિસ્તાર પ્રત્યેની લાગણી સાહજીક છે. કાંઠા વિસ્તારની પછાત અને ખેડૂત તેમજ પશુપાલક પ્રજા માટે આ સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખુબ આશીર્વાદ રૂપ સાબીત થશે તેમાં કોઈ મીન મેખ નથી. આવનારા સમયમાં આ વિસ્તારની પ્રજાને ઉચ્ચસ્તરીય આરોગ્ય સુવિધાઓ મેળવવા માટે દોડા દોડી નહી કરવી પડે. ભાભર ખાતે આકાર પામનાર નવી સબ-ડીસ્ટ્રીક્ટ સિવિલ હોસ્પિટલથી કાંકરેજ, વાવ, થરાદ, સૂઈગામ, લાખણી તાલુકાઓની પ્રજાને વધુ સારવાર માટે પાલનપુર, મહેસાણા કે અમદાવાદ જવુ નહી પડે તેમને ભાભરની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં તમામ સુવિધા મળી રહેશે. તે ઉપરાંત આ હોસ્પિટલ ભારત-પાકિસ્તાનની બોર્ડર નજીક હોવાથી હેલીપેડ પણ ઉભુ કરવામાં આવશે જેમાં બોર્ડરના જવાનોને પણ સારવાર મળી રહે તેવી સુવિધા ઉભી કરવામાં આવશે. કોઈક દર્દીને તાત્કાલિક મુંબઈ કે અન્યત્ર ખસેડવાની જરૂર પડે તો હેલીકોપ્ટર દ્વારા તેને રીફર કરવા જેવી અદ્યતન સુવિધા ઉભી થશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અને સાંસદ હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રજાના આરોગ્યની સતત ચિંતા કરતી રાજ્ય સરકારે દિવાળીનું ભેટ સ્વરૂપે આ વિસ્તારી પ્રજાને અધ્યતન સુવિધા ધરાવતા હોસ્પિટલ આપી છે. પરિણામે લોકોના નાણાં અને સમયનો બચાવ થશે તેમજ જોખમી બીમારીઓમાં તાત્કાલીક અને રાહત દરે આરોગ્ય સુવિધાઓ ઘર આંગણે ઉપલબ્ધ થશે. બનાસકાંઠા જિલ્લામાં નજીકના સમયમાં મેડીકલ કોલેજ નિર્માણ પામશે, જેથી આ વિસ્તારના લોકોએ પોતાના બાળકોને કાળજી પુર્વક ભણાવવા જોઈએ. વધુમાં તેઓએ ઉમેર્યુ હતુ કે નર્મદાના નીરથી આ વિસ્તારમં આમુલ પરિવર્તન આવ્યું છે. ખેડૂતો અને પશુ પાલકોની આવક અને સુખાકારીમાં નોંધ પાત્ર સુધારો થયો છે.

આ કાર્યક્રમમાં મંત્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબતભાઈ પટેલ, દુષ્યંતભાઈ પંડ્યા, ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, બનાસ બેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, આરોગ્ય વિભાગના નાયબ નિયામક ડો.દિનકર રાવલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અરૂણ આચાર્ય સહિત જિલ્લા તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને ભાભર, વાવ, સુઈગામ તાલુકા ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં બન્ને મંત્રીઓનું વિવિધ સમાજના અગ્રણીઓએ ભવ્ય સ્વાગત કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ભાભર, વાવ, સુઈગામ ભાજપના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવીને સફળ બનાવ્યો હતો.

## ડીસામાં ખેડૂત..

પાના નં.૧ ચાલુ

છતાં તેઓ હિસાબ પણ કરતા નહોતા. જયારે તેમનાં બહેન પુષ્પાબહેન રામપદ સૈની પણ ભોયણ ખાતે ખેતીની જમીન વેચી હોવા અંગેની રુપિયા ૪ કરોડ માગણી અવારનવાર કરતા હતા. જેથી છેલ્લા ચાર મહિનાથી રાજેન્દ્ર ભાઈ ખુબજ કંટાળી ગયા હતા અને બન્નેના ત્રાસથી તેઓએ જીવન ટૂંકાવવાનો નિર્ણય કરી ગુરુવારે પોતાના ઘરમાં બેડરૂમમાં પોતાની લાઈસન્સવાળી બે બોરની રાઈફલથી જાતે જ ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી.જેથી આત્મહત્યા કરવા પાછળ આ બંનેની જવાબદારી હોઈ તેમના વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

## પાલનપુર સિવિલના..

પાના નં.૧ ચાલુ

ધારણ કરી વિરોધ જતાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં પાલનપુર સિવિલમાં ફરજ બજાવતો ૭૧ જેટલો નર્સિંગ સ્ટાફ જોડાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

આરોગ્યલક્ષી સેવાઓમાં તબીબો અને દર્દીઓ વચ્ચે કડી રૂપ બની અહમ ભૂમિકા ભજવનાર નર્સિંગ સ્ટાફ દ્વારા પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં માસ સી.એલ.પર જવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

## ભાજપ શાસિત..

પાના નં.૧ ચાલુ

આવા સસ્પેન્ડેડ કર્મચારીને ગેરકાયદેસર ફરજ પર લઈને ટાઉન પ્લાનિંગ કમિટી જેવી મલાઈદાર કમિટીની કી-પોસ્ટ પર મુકવામાં આવ્યા છે. ત્યારે આવા સસ્પેન્ડેડ કર્મચારીને કી-પોસ્ટ પર મૂકી શાસક પક્ષ ભાજપ કેવા પ્રકારના પારદર્શી વહીવટની પ્રતીતિ કરાવી રહ્યો છે તે સવાલ શહેરીજનોને સતાવી રહ્યો છે.

ખુદ શાસક પક્ષની નગરસેવિકાએ કરેલી રજૂઆત મુજબ તો આ કર્મચારીની ફરજ દરમિયાન શહેરમાં થયેલા બાંધકામો અને અપાયેલી મંજૂરીની તપાસ કરવાની માંગ કરાઈ છે. આ કર્મચારીને ટી.પી.કમિટીના ચેરમેન તથા શાસક પક્ષના હોદ્દેદારો સહિત મોટા માથાઓ સાથે ઘરોબો હોઈ તે સત્તાધીશોની રહેમ નજર તળે બિન્દાસ્ત બની ગેરરીતિઓ આચરી રહ્યા હોવાની રાવ ઉઠી છે. આ કર્મચારીના કારણે પાલિકાનો સમગ્ર વહીવટ બદનામ થઈ રહ્યો છે. આમ છતાં ટી.પી.કમિટીના ચેરમેનનું અકળ મૌન પણ રહસ્ય સર્જી રહ્યું છે. ત્યારે ગુજરાત નગર પાલિકા અધિનિયમની કલમ-૪૯ હેઠળ આ કર્મચારી સામે સીટની તપાસ કરાવવાની પણ માંગ કરાઈ છે. આમ, ખુદ શાસક પક્ષ ભાજપની નગરસેવિકાને જ પાલિકામાં પારદર્શી વહીવટ માટે નગરપાલિકા નિયામક સુધી લાંબા થવું પડે તેજ બતાવે છે કે, પાલિકાનો વહીવટ કેટલો ખાડે ગયો છે? અને શહેર અને જિલ્લા ભાજપ મોવડી મંડળ પણ કેવી ગાંધારીની ભૂમિકા ભજવે છે???

## તાણા ગ્રામપંચાયતના...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ઘરવખરી, પશુ, પાક, જમીન, મકાન નુકશાનની સહાય ચુકવવા અગ્રેસર રહ્યું છે. તાણા ગ્રામ પંચાયત વિસ્તારની સોસાયટી કર્ણાવતી, તક્ષશીલા, મારૂતી-મંગલમૂર્તિ, ગોકુલનગર, સોમનાથ, વ્રજભૂમિ, શાંતિનગર, નંદનવન, તાણા ગામતળ, તેરવાડીયા ગામડી, મફત પ્લોટ ગામડીના ખેડૂત, નોકરીયાત, કરોડપતિ, મજૂર સૌ કોઈને કેશડોલ્સ અને અન્ય સહાય ચુકવવામાં અગ્રેસર ગ્રામ પંચાયતની કામગીરી રહી છે. જેની પ્રસંશા શિક્ષિત-નોકરીયાત-કરોડપતિ વર્ગ પણ મોફાડ કરી રહ્યા છે. નવલાં નોરતાની ઉજવણી પણ દરેક વિસ્તાર સોસાયટીઓમાં થઈ જ્યાં સરપંચ તથા પૂર્વ સરપંચ તથા સભ્યો હાજર રહી લોકોનો ઉત્સાહ વધારેલ. તાણા ગ્રામપંચાયતની કામગીરી નજરે જોનારને અનુભવ કરનાર વાહ વાહ કરી ધન્યવાદ આપી રહ્યાં છે. તાણા ગામે એ પ્રાચિન ચામુંડા માતાજી મંદિર અને ઘેઘર વડથી પ્રસિધ્ધ છે. લાખોના ખર્ચે તળાવ નવ સાધ્ય કર્યું ને રસ્તા સારા બન્યા છે જે લોકો નજરે નિહાળી રહ્યા છે.

## ડીસા શહેરમાં...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તેમની દરગાહને તાજીયારૂપે આબેહુબ સીતાર બનાવી જેની સામે તેમની શહીદીનો માતમ મનાવે છે. ડીસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે સરકારી તાજીયા ડોલીવાસથી નીકળશે. શનિવાર તા. ૩૦/૯/૨૦૧૭ ની રાત્રે કતલની રાત તરીકે માતમ કરશે અને રવિવાર તા. ૧/૧૦/૨૦૧૭ ના રોજ બપોરે નમાજ બાદ ડોલીવાસથી તાજીયા નીકળી ઢેબર મારવાડી મોચીવાસ, લેખરાજ ચાર રસ્તા, સરસ્વતી ઘેરવ રોડ શીવાજી હોટલ થઈને રાજપુર ગવાડી ખાતે જશે. આ ભવ્ય જુલુસમાં સરકારી તાજીયા આજે મીરા મહોલ્લાના તાજીયા, ગવાડીના તાજીયા તેમજ નાના મોટા માનતાના તાજીયા સાથે ભવ્ય જુલુસ નીકળી માતમ મનાવશે. આ પ્રસંગે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. તાજીયા શાંતિથી પતે તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

## આદર્શ હાઈસ્કુલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને બધાને ખૂબ મજા પડેલ.આમાં સંગીત- કલા - સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉત્સવ ઉજવણીના કન્વીનર શ્રી જે.પી.પટેલ અને શ્રી સી.એસ.મુંજીએ કર્યુ હતું.તેમાં સ્ટાફગણે ખૂબ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમના અંતે સારૂ રમનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામો આચાર્ય સાહેબના હસ્તે આપવામાં આવેલ.

## ધાનેરા ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કોંગ્રેસ આજદીન સુધી ૭૦ વર્ષ સુધી શુ કર્યુ ? દલીતો, આદિવાસી માટે કંઈ જ નથી કર્યુ કોંગ્રેસ ભષ્ટ્રાચારમાં પોતાના ઘર ભરવા સિવાય કશું નથી કર્યુ જ્યારે નરેન્દ્રભાઈ મોદી શાસન શરૂ થયું ત્યારે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓમાં વીજળી, વિકાસ, પાયાની સુવિધા પાણી, લાઈટ, રોડ, શિક્ષણની સુવિધા કરી વિશ્વમાં ચીન અને પાકિસ્તાન પણ અંદરથી ભારતથી ડરવા લાગ્યું છે આજે રાષ્ટ્રવાદ માટે આપણી સરકાર કાર્ય કરી રહી છે. દશરથભાઈ મહેશ્વરીએ સભાનું સંચાલન કર્યુ હતું જયારે માનાભાઈએ આભાર વિધિ કરી હતી.

આ મીટીંગમાં ખેમરાજભાઈ દેસાઈ, ઈશ્વરસિંહ સોલંકી, કાન્તિલાલ ત્રિવેદી, જગદીશભાઈ પટેલ, રમેશભાઈ દેલવાડીયા, પી.જે.ચૌધરી ભગવાનદાસ પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## કાંકરેજ તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મહેશભાઈ દવે (પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ), ડાયાભાઈ પીલીયાતર (તા. ભાજપ પ્રમુખ), કિશોર બી. પ્રજાપતિ (મહામંત્રી તા. ભાજપ), ઈસુભા વાઘેલા, મફાજી સોલંકી, કરણસિંહ વાઘેલા, અમરતભાઈ આલ (નાયબ મામલતદાર), સુખદેવસિંહ સોઢા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, તેજાજી ઠાકોર, કનુભાઈ ઠક્કર, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અશ્વિનભાઈ શાહ, રમેશભાઈ વાઘડા, હંસપુરી ગૌસ્વામી, અખાભાઈ પટેલ, હીરાભાઈ જોષી, ઈશ્વરભાઈ પટેલ, પરસોતમભાઈ જોષી, જે.વી. માસ્ટર, નિરંજનભાઈ ઠક્કર, જેઠાજી જગાણી, ફકુભાઈ સાંચોરા,વજેસીંગ હેમાભાઈ વાઘેલા, કરશનભાઈ પરમાર, ઝેણુભા વાઘેલા, રમેશભાઈ જોષી, રમેશભાઈ દવે, વેલસીંગ કપુરસિંહ પરમાર, જશવંતભાઈ રાવળ, રાધાબેન જોષી, બાબુભાઈ પટેલ, રામભા, પ્રવિણ પરમાર, હર્ષદ ઠક્કર, હિનાબેન મેવાડા, અણદુભા, પ્રકાશ બારોટ, ભરતસિંહ (આઈટી), ઉમેશભાઈ પ્રજાપતિ વગેરે હાજર રહેલ.

## ડીસા તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રજૂ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે બુથ વિસ્તારકની માહિતી અમૃતભાઈ દવે(મહામંત્રી જિલ્લા ભાજપ) દ્વારા આપવામાં આવી હતી જેમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં બુથ વિસ્તારકની મહત્વની ભૂમિકા રહેલી છે. જેથી બુથ વિસ્તારકો માટે આગામી સમયમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં આવનાર ગુજરાત ગૌરવ યાત્રા વિશેની માહિતી પણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે, ડીસા તાલુકા પ્રભારી દિનેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ મગનભાઈ માળી, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ બનાસડેરી વા.ચેરમેન, જીગરભાઈ દેસાઈ, જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન બળવંતસિંહ, પૂર્વ જિલ્લા સદસ્ય શાંતુભા વાઘેલા, જિલ્લા સદસ્ય કે.ટી.માળી, તાલુકા પંચાયત પ્રમુખ વિજુભા વાઘેલા, ઉપપ્રમુખ જોઈતાભાઈ પટેલ, બનાસબેન્કના ડિરેક્ટર બાબુભાઈ દેસાઈ, ડીસા વિધાનસભાના ઈન્ચાર્જ અરવિંદ ખંડલવાલ, વિસ્તારક સમિતિના સુમુરસિંહ વાઘેલા, રશિકજી ઠાકોર, મેરુજી ધુંખ, જિલ્લા યુવા મહામંત્રી પ્રકાશજી ઠાકોર વગેરે બેઠકમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત તાલુકાના સદસ્યો, તાલુકા ભાજપ હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ તાલુકાના સરપંચો સહિત વિશાળ સંખ્યામાં કાર્યકરો શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા તાલુકા ભાજપ કારોબારી બેઠકને સફળ બનાવવા જિલ્લા ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર તથા મહામંત્રી બાબરસિંહ વાઘેલા અને રમેશભાઈ દેસાઈ દ્વારા સુંદર સંચાલન કર્યું હતું.

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ કહ્યુ કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં શિક્ષિત, સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થઈ રહ્યું છે. દેશભરમાં છેવાડાના વિસ્તારો અને વ્યક્તિઓ સુધી વિકાસ અને સુશાસનનાં ફળ સારી રીતે પહોંચી રહ્યાં છે. એમ જણાવતાં તેમણે કહ્યુ કે બહુ નજીકના સમયમાં ભારત વૈશ્વિક કક્ષાએ પ્રેરણાદાયી દેશ બનશે. ગુજરાતમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે. થોડાક સમય પહેલાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરનું સંકટ આવ્યુ ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાંચ દિવસ સુધી બનાસકાંઠા જિલ્લામાં રહીને સતત લોકસંપર્ક કરી પોતાની સંવેદનશીલતાનો પ્રજાને સરસ અનુભવ કરાવ્યો હતો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે શિક્ષણથી જ પરિવાર અને સમાજમાં સુખ-સમૃધ્ધિ આવે છે. આદર્શ પ્રાથમિક શાળા ભાભરના નવિન મકાન નિર્માણ માટે સહયોગ આપનાર દાતાઓને મંત્રીએ બિરદાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રને પુરતુ મહત્વ આપીને રાજયભરમાં ઠેર ઠેર વિવિધ વિધાશાખાની સ્કૂલો અને કોલેજો શરૂ કરવામાં આવી છે તેનો લાભ લઈ બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીને શિક્ષિત તથા સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ. તેમણે ઉમેર્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજયમાં તમામ ક્ષેત્રોમાં વિકાસકુચ વેગવંતી બની છે. સરકારના વિવિધ અભિયાનો, યોજનાઓ અને સંગીન પ્રયાસોને લીધે સર્વાંગી વિકાસ સાથે લોકોની આવક અને સુખાકારીમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. તેમણે કહ્યું કે નર્મદાના નીરથી ભૂતકાળમાં સુકા અને ઉજ્જડ ગણાતા આ વિસ્તારમાં હવે હરીયાળી અને સમૃધ્ધિ પથરાઈ રહી છે. નર્મદાના નીરથી આ વિસ્તારમાં આમુલ પરિવર્તન આવ્યું છે.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લા પશુપાલકો અને ખેડૂતોએ વિક્રમજનક પ્રગતિ કરી વૈશ્વિક કક્ષાએ જિલ્લાનું નામ રોશન કર્યુ છે. પશુપાલકોના હિત અને કલ્યાણ માટે બનાસ ડેરી દ્વારા કાળજીભર્યા પ્રયાસો કરવામાં આવે છે એમ મંત્રીએ કહ્યુ હતું. તેમણે જણાવ્યું કે રાજ્યની સાથે બનાસકાંઠા જિલ્લામાં વિશાળ સંખ્યામાં વિકાસ કામો કરવામાં આવ્યા જ છે પરિણામે પ્રજાની સુવિધામાં નોંધપાત્ર વધારો થયો છે. ભાભર મુકામે રૂા.૧૬ કરોડના ખર્ચથી નિર્માણ થનાર અદ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલથી આ વિસ્તારનાં સંખ્યાબંધ ગામોને તેનો લાભ મળશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય પરબતભાઈ પટેલ, બનાસબેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, ભાભર માર્કેટયાર્ડના ચેરમેન ભગવાનભાઈ ચૌધરી, આંજણા પટેલ કેળવણી મંડળ ભાભરના પ્રમુખ જેતસીભાઈ પટેલ, ગુજરાત આંજણા સમાજ ગાંધીનગરના અગ્રણી હરીભાઈ વી.ચૌધરી, દાતા રમેશભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુરમાં ...

પાના નં.૮ ચાલુ

**યે હૈ મહોબ્બતે અને અજીબ દાસ્તાં હૈ યે સિરિયલની સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્વેતાંશુ સિંઘે ગુરુવારે આઠમા નોરતે હાજરી આપીને રાધનપુરની યુવતીઓ સાથે ગરબાની રમઝટ જમાવી હતી. આ ઉપરાંત જે.બી.ફિલ્મ્સ ના પ્રોડ્યુસર જયભારત ધામેચા એ ગરબા મહોત્સવમાં હાજર રહીને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ પ્રસંગે અભિનેત્રી શ્વેતાંશુ સિંહ અને પ્રોડ્યુસર જયભારત ધામેચા ઉપરાંત મહેમાનોનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.**

## સીડની ...

પાના નં.૮ ચાલુ

**તથા નેશનલ મીડિયાએ પણ નોંધ લીધી છે અને સ્થાનિક ચળવળ સંસ્થાઓએ પણ સક્રિય રીતે ભાગ લીધો. નવરાત્રી ફેસ્ટિવ લની શરૂઆતમાં દિપક પઢીયારે ઉપસ્થિત જનમેદની અને ખૈલયાઓનો આભાર માનતા જણાવ્યું હતું કે, આ ભારતીય તહેવારની ઉજવણી સમગ્ર સિડની અને ઓસ્ટ્રેલિયા માટે નમૂનારૂપ બની જશે. એક ભારતીય તરીકે અહીં સિડનીમાં રહીને પણ સંસ્કૃતિ જીવંત કેવી રીતે રાખી શકાય, તેનું આ ઉત્તમ ઉદારહણ છે. નવરાત્રી ફેસ્ટિવલની શરૂઆતમાં સૌથી પહેલા મહેમાન તરીકે કોન્સુલર જનરલ ઓફિસના વડા એસ કે. વર્મા, હેડ ઓફ કોન્સ્યુલર અને કોમ્યુનિટી વેલફેર વિંગ અને કોન્સ્યુલ(કોન્સ્યુલર) આવ્યા હતા ત્યારબાદ ઓસ્ટ્રેલિયા માં સૌથી મોટી ભારતીય સંસ્થા કાઉન્સિલ ઓફ ઈન્ડિયન ઓસ્ટ્રેલિયાના પ્રેસિડેંટ મોહિતકુમાર પધાર્યા હતા, જેઓ વેસ્ટર્ન સિડનીમાં પોલીસ પ્રોસિક્યુટોર તરીકે પણ ફરજ બજાવે છે. દિપક પઢિયારે આ મહાનુભાવોનો આભાર માની ભારતીય રાષ્ટ્રગાન ગવડાવી ફેસ્ટિવલની શરૂઆત કરાવી હતી.**

## દીઓદરમાં ...

પાના નં.૮ ચાલુ

સંમેલન અંગે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશના મહામંત્રી અને દીઓદર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા ભરતસિંહજી એમ.વાઘેલાએ જણાવેલ કે આ સંમેલનમાં વિશાળ સંખ્યામાં લોકો રાષ્ટ્રીય નેતાઓને સાંભળવા ઉમટી પડશે.આ સંમેલનમાં ગુજરાતમાં પંચાયત રાજમાં પડતી મુશ્કેલીઓની ચર્ચાઓ અને માર્ગદર્શન આપવામાં આવશે.સંમેલનને સફળ બનાવવા દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ તેમજ લાખણી તાલુકા કોંગ્રેસના પ્રમુખ ધુડાભાઈ પટેલ તથા કોંગ્રેસના જિલ્લા ઉપપ્રમુખ અને એડવોકેટ બી.કે.જોષી, રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશના મહામંત્રી ભરતસિંહજી એમ.વાઘેલા, દીઓદર માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા,દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન જે.ચૌધરી, દીઓદર તાલુકા કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા,દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ,હીરાભાઈ પી. રાજપૂત,રત્નાભાઈ દેસાઈ સહિતના આગેવાનો કાર્યક્રમમાં જહેમત ઉઠાવી રહ્યા છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૩૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૨૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૧૦૦૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૯૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૬૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૫૪૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૪૭૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૬૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૨૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૩૮૮ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ૯૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૬ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૫૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગઠ્ઠા ૧૦૦-૧૪૦ | મરચાં ૩૦૦-૪૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ચોળી ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

## ભડકા અહીંયા

ચારે બાજુ ભડકા અહીંયા
કાળી રાતે તડકા અહીંયા
જીવન એક પ્રકીયા ખાલી
જીવતર નામ ધબડકા અહીંયા
મને મળ્યા છે દરેક શહેરમાં
પૈસાવાળા કડકા અહીંયાં
ભાવ વિહોણા હૃદય સર્વના
શ્વાસ વિનાના ધડકા અહીંયા
ખાધા રાખે આખી દુનિયા
ભુખ્યા ભક્ર સબડકા અહીંયા
નસીહત સાચી દઈએ સાંઈ
બધા ભરે છે વડકા અહીંયાં

**સાંઈરામ દવે**

## શિયાળો શીતલ

વાય છે શીતળ પવન ઠંડો, ઉત્તર દિશાથી આવે છે ટાઢ
લોકો પહેરે ગરમ કપડાં, તાપણાં કરી ઉડાડે છે ટાઢ
લોકો ખાય છે લીલી શાકભાજી, નાના બાળકો થાય રાજી
બોરને જામફળ ખાવાની મજા, શિયાળો શીતલ
પાણી પણ થૈઈ જાય છે બરફ,
રાત્રે કોઈના ફરકે ચકલું ય, સવારે સૂર્યકીરણ
સૌને ગમે શિયાળો શીતલ

**ઠાકોર બાબુભાઈ પી.**
**ધરાધરવાળા**

## ગમતું નથી

દુઃખ મહી આપે દિલાસો યાચવું ગમતું નથી
ને છતાં ફુલોની સેજે પોઢવું ગમતું નથી
વાઘ, ચિત્તા, સિંહ, ઘોડા એ કદી ચાલે ન ચીલે
ગાડરોની જેમ ચીલે ચાલવું ગમતુંનથી
હું કરૂં નિશદિન પ્રશંસા જગના સર્જનહારની
અન્યના ગુણગાન ગાઈ માગવું ગમતું નથી
ગીત હો કે હો ગઝલ, લાચાર શબ્દો હોય ના
હોય ના જેમાં ખુમારી બોલવું ગમતું નથી
રાહમાં કંટક બીછાવી તું દિલાસો દે નહીં
કોઈનો ઉપકાર લઈને જીવવું ગમતું નથી
જીંદગી છે સાવ યુસુફ ડુબતા સુરજ સમી
જે ગયું વીતી હવે વાગોળવું ગમતું નથી

**યુસુફ ગુંજાવી**